આદિવાસી વિસ્તારોમાં સરકારી કચેરીઓ દ્વારા ચલાવાતી વિવિધ રોજગારલક્ષી માળખાગત તાલીમ

લેખક

શ્રી જસવંતસિંહ ના. રાઠોડ

શ્રી રાજેશ પારગી

સંકલન

ડૉ. ચન્દ્રકાન્તભાઈ ઉપાધ્યાય

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ૪૭૭

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪

૨૦૧૩

આદિવાસી વિસ્તારોમાં સરકારી કચેરીઓ દ્વારા ચલાવાતી વિવિધ રોજગારલક્ષી માળખાગત તાલીમ

લેખક

શ્રી જસવંતસિંહ ના. રાઠોડ

શ્રી રાજેશ પારગી

સંકલન

ડૉ. ચન્દ્રકાન્તભાઈ ઉપાધ્યાય

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ૪૭૭

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪

૨૦૧૩

અનુક્રમણિકા

ક્રમ	વિગત	પાન નં.
૧.	પ્રસ્તાવના	૧ - ૩
૨.	તાલીમ : પૂર્વ ભૂમિકા	૪ - ૬
૩.	તાલીમના વર્ષવાર અને જિલ્લાવાર પ્રકાર ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦, ૨૦૧૦-૧૧	૭ - ૩૮
૪.	ડી-સેગ દ્વારા ચલાવેલ તાલીમ વર્ગો	૩૯ -૪૫
૫.	તારણો અને સૂઝાવ	૪૬ - ૪૯
	પરિશિષ્ટ	૫૦
	૧. જિલ્લાવાર સરકારી કચેરીઓ દ્વારા અપાતી તાલીમ	૫૧ - ૫૩
	૨. આદિવાસી યુવક-યુવતીઓને તાલીમ આપનાર સંસ્થાઓની જિલ્લાવાર યાદી	૫૪ -૬૮
	૩. વર્ષ અને જિલ્લાવાર તાલીમનો પ્રકાર, તાલીમ સ્થળ તાલીમનો સમય અને તાલીમાર્થીની સંખ્યા દર્શાવતી યાદી	૬૯ - ૧૪૦

નિવેદન

આદિજાતિ વિકાસ વિભાગના અગ્રસચિવશ્રીની અધ્યક્ષતામાં તા.૬-૫-૨૦૦૯ના રોજ મળેલ બેઠકમાં સંશોધન કામોની દરખાસ્ત સંદર્ભે અભ્યાસો સૂચવ્યા તેના ભાગરૂપે આદિવાસી વિસ્તારમાં ચાલતા જે તાલીમ કાર્યક્રમો અંગે અભ્યાસ કરવો તેમજ તેમાંય ખાસ કરી વિવિધ વિભાગો દ્વારા ચાલતા તાલીમ કાર્યક્રમોનું પુનરાવર્તન તો થતું નથી ને ? તે બાબત ઉપર વિશેષ ધ્યાન આપવાનું સૂચન તેઓશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પહેલાં ૨૦૦૯માં પ્રાયોજના કચેરી (સંકલિત આદિજાતિ પેટા યોજના) દ્વારા ચાલતા વિવિધ પ્રકારના રોજગારલક્ષી ટ્રેડ (તાલીમ)નો મૂલ્યાંકન અભ્યાસ કેન્દ્ર દ્વારા કરવામાં આવ્યો હતો તેના અનુભવો અને તારણોને લક્ષમાં રાખીને અમે પ્રસ્તુત અભ્યાસમાં પણ વિવિધ સરકારી એજન્સીઓ દ્વારા ચાલતા તાલીમ વર્ગોનું મૂલ્યાંકન પણ થઈ શકે તે હેતુને ધ્યાનમાં લઈ વર્ષ ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦, ૨૦૧૦-૧૧ના વર્ષોમાં ચાલેલ તાલીમ વર્ગો અને તાલીમાર્થીઓની સરનામા સાથેની યાદી મળી રહે તે માટે પત્રવ્યવહાર તા.૬-૬-૨૦૧૧થી ચાલુ કરવામાં આવ્યા. આ પત્રવ્યવહારથી ખાસ પ્રતિભાવ ન મળવાથી રૂબરૂ મુલાકાત લઈ યાદી મેળવવાના પ્રયત્નો કરવામાં આવ્યા. તેમાં પણ જોઈએ તેવી સફળતા ન મળી; કારણ કે કચેરીઓ પાસે કામનું ભારણ, જૂના રેકોર્ડ તપાસવાની અપૂરતી તૈયારીના કારણે ''જે-તે એજન્સી મારફતે વર્ગો ચલાવ્યા હોય તેનો સંપર્ક કરો'' તેવા જવાબોને કારણે અત્યંત વિલંબ સાથે આ કામગીરી ચાલી. જો કે હજુપણ બધા વિભાગોની તાલીમાર્થીઓની નામ, સરનામાવાળી યાદી ઉપલબ્ધ બની નથી તેમ છતાં કયા જિલ્લામાં કઈ એજન્સી મારફતે કેટલા વર્ગો કરવામાં આવ્યા તેની સંખ્યા વર્ષવાર મેળવવામાં સફળતા મળી હોવાથી એના આધારે આ પ્રાથમિક અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે.

જસવંતસિંહ રાઠોડ

રૂબરૂ મુલાકાત તથા પત્ર વ્યવહારની વિગતો

પ્રથમ તબક્કામાં તા.૪-૭-૨૦૧૧ થી તા.૯-૭-૨૦૧૧ સુધી ૧૦ જિલ્લામાં રૂબરૂ મુલાકાત કરી. તાલીમ સંબંધિત માહિતી એકત્ર કરવામાં આવી; જેમાં તાલીમની યાદી મળી પણ તાલીમાર્થીઓનાં નામ સરનામાવાળી યાદી મળી નહીં. તા.૨૦ થી ૨૨ જુલાઈ, ૨૦૧૧ દરમ્યાન સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાનું ક્ષેત્રકાર્ય કરવામાં આવ્યું. તેમાં પણ તાલીમોની યાદી મળી પણ નામ સરનામાવાળી યાદી ન મળી. ત્યારબાદ ટેલિફોન મારફત વાતચીત કરીને યાદી મેળવવાના પ્રયત્નો કરવામાં આવ્યા. તેવા પ્રયાસોમાં પણ પ્રસ્તુત યાદી મળી શકી ન હતી.

દાહોદ, પંચમહાલ જિલ્લાઓમાં ફરી રૂબરૂ મુલાકાત કરીને માહિતી મેળવવાના પ્રયત્નો કરવામાં આવ્યા. ઉપરાંત, તા.૬-૬-૨૦૧૧ થી તા.૨૩-૨-૨૦૧૨ સુધી ચાર સ્મૃતિપત્રો પાઠવવામાં આવ્યા. આ દરેકે દરેક પત્રો લખવામાં આવ્યા ત્યારે આદિજાતિ વિસ્તારોના જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીઓ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, પ્રાયોજના વહીવટદારશ્રીઓ, જિલ્લા રોજગાર અધિકારીશ્રીઓ, તકેદારી અધિકારીશ્રીઓને દરેક વખતે પત્રની નકલ પણ રવાના કરવામાં આવી. આમ છતાં આ કામગીરી માટે જોઈતી માહિતી ઉપલબ્ધ ન થઈ શકી.

પ્રસ્તાવના :

ગુજરાત રાજયમાં ઉત્તરે અંબાજીથી માંડીને દક્ષિણે ડાંગ સુધી ગુજરાતની પૂર્વપટ્ટીનો અરવલ્લી, વિંધ્યાચળ અને સાતપુડાની પર્વતમાળા અને જંગલો સરહદી વિસ્તારોની અંદર આવરી લેતો વિસ્તાર આવેલો છે. તેમાં અનુક્રમે ઉત્તરે અરવલ્લીની હારમાળાઓમાં બનાસકાંઠા, સાબરકાંઠા જિલ્લાઓનો સરહદી વિસ્તાર, મધ્ય ગુજરાતમાં પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરૂચ અને નર્મદા જિલ્લાઓ, દક્ષિણે સાતપુડાના ડુંગરોવાળા સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાઓના પહાડો તથા જંગલવાળા વિસ્તારોમાં આદિવાસી જાતિઓ વસે છે. ગુજરાતમાં આ તેઓનું મુખ્ય નિવાસ સ્થાન છે. આ વિસ્તારોને ગુજરાતના આદિવાસી વિસ્તાર તરીકે ઓળખવામાં આવે છે; આ જિલ્લાઓ સિવાય બીજા અન્ય જિલ્લાઓમાં આદિવાસીઓની વસતિ વત્તા-ઓછા પ્રમાણમાં આવેલ છે. જેમાં જૂનાગઢના જંગલ પ્રદેશમાં તેમજ અમદાવાદ, સુરેન્દ્રનગર જિલ્લાના નળસરોવરના વિસ્તારોમાં આદિવાસી વસતિ છે.

રાજયના સઘન આદિવાસી વિસ્તારોમાં ૪૬ તાલુકાઓ અને ૨૧ લઘુ વિસ્તારોને આવરી લેતી સંકલિત આદિજાતિ વિસ્તાર પેટા યોજના છે. જેનો વિસ્તાર ૧,૯૫,૯૮૪ ચો.કિ.મી. છે. રાજયના કુલ ભૌગોલિક વિસ્તારના ૧૪.૩૧ ટકા જેટલા વિસ્તારને આવરી લેતી પટ્ટીમાં આદિવાસી વસતિનો ઘણો મોટો ભાગ (૮૦.૪૫ ટકા) વસે છે. આ વિસ્તારના મોટા ભાગના તાલુકાઓ અને લઘુ વિસ્તારો આદિવાસી વસતિની દ્રષ્ટિએ મહત્વના છે.

ગુજરાત માટે આદિવાસી વસતિ અને વિસ્તાર બન્ને મહત્તા ધરાવે છે. ૨૦૦૧ની વસતિ ગણતરી પ્રમાણે આદિવાસી વસતિ ૭૪.૮૧ લાખ છે. કુલ વસતિના ૧૪.૭૬ ટકા વસતિ આદિવાસીઓની છે.

રાજયની ૨૦૦૧ની વસતિ ગણતરી પ્રમાણે આદિવાસી વસતિમાં કામ કરનાર લોકોની સંખ્યા ૫૧.૬૮ ટકા છે. જેમાં પુરુષો ૫૫.૫૪ ટકા અને સ્ત્રીઓ ૪૭.૦૦ ટકા છે. જયારે કામ નહિ કરનાર લોકોની વસતિ ૪૮.૩૨ ટકા છે. રાજયમાં આદિવાસી વસતિનો ઘણો મોટો ભાગ ખેતી અને ખેતીમજૂરી પર નિર્ભર છે. ખેતમજૂરી પર આધાર રાખનારાઓની સંખ્યા સવિશેષ જોવા મળી છે.

૨૦૦૧ની વસતિ ગણતરી પ્રમાણે ગુજરાતની કુલ આદિવાસી વસતિમાં સાક્ષરતાનું પ્રમાણ ૪૭.૦૭ ટકા હતું જેમાં પુરુષોમાં ૪૮.૭૩ ટકા અને સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ ૨૯.૭૨ ટકા હતું. કુલ ગ્રામ્ય વસતિમાં સાક્ષરતાનું પ્રમાણ ૩૮.૦૬ ટકા અને શહેરી વિસ્તારમાં ૫૨.૫૨ ટકા સાક્ષરતાનું પ્રમાણ જોવા મળતું હતું. અહીં જે શિક્ષિત વ્યક્તિઓની સંખ્યા દર્શાવવામાં આવી છે તેમાં પણ માત્ર અક્ષરજ્ઞાન ધરાવતા પ્રાથમિક અને ધોરણ ૧૦ સુધીનું શિક્ષણ ધરાવનારાઓની જ મોટી સંખ્યા જોવા મળે છે. ધોરણ ૧૨ કે તેથી

વધુની સંખ્યા નહિવત્ છે. ૧૯૯૧ની વસ્તી ગણતરીના આંકડા પ્રમાણે સ્નાતકોની સંખ્યા તો માત્ર ૦.૪૫ ટકા જ છે. ધોરણ-૧૨ સુધીની સંખ્યા કુલ ૧.૧૭ ટકા જેટલી જ છે. આદિવાસી યુવકો ધોરણ-૧૨ પાસ કરી આગળ ઉપર ટેકિનકલ, તબીબી અને એન્જીનિયરીંગ તેમજ વિજ્ઞાન શાખાઓમાં અભ્યાસ કરતા થાય તે માટે હજુ ઘણું કરવાનું બાકી છે.

ઉપરોક્ત શિક્ષણ અને કામ કરનારનો ખ્યાલ મેળવી શકાય તો હાલમાં આદિવાસી સમાજની થયાસ્થિતિ શું છે તેનો સાચો ચિતાર પ્રાપ્ત થઈ શકે. વાસ્તવિકતા એ છે કે કામ કરનારાઓમાં પરંપરાગત વ્યવસાય અને ખેતી અથવા અન્ય મજૂરી સિવાય બીજા વ્યવસાયની કલ્પના કરવી અશક્ય છે. કારણકે પ્રાથમિક અને માધ્યમિક કક્ષાનું શિક્ષણ એમના માટે રોજગારીનાં દ્વાર ખોલી શકવાના નથી. શિક્ષણમાં સ્થગિતતા અને અપવ્યયનું પ્રમાણ આદિવાસી સમાજમાં ખૂબ મોટા પ્રમાણમાં હોવાના કારણે બેકારીનું પ્રમાણ પણ મોટા પ્રમાણમાં હોવાનું. આનો અર્થ એ થાય છે કે આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે હજુ ઘણું કરવાનું બાકી છે.

અનુસૂચિત જનજાતિના કલ્યાણ માટે ગુજરાત સરકારે આદિજાતિ વિકાસ વિભાગના સીધા નિયંત્રણ હેઠળ કમિશનર, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજય દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. જેમાં (૧) શૈક્ષણિક યોજનાઓ (૨) આર્થિક ઉત્કર્ષ યોજનાઓ (૩) આરોગ્ય-વસવાટ અને અન્ય યોજનાઓનો સમાવેશ થાય છે.

આ આદિવાસી સર્વાંગી વિકાસ માટે માળખાગત સુવિધા ઊભી કરવામાં આવેલી જોઈ શકાય છે. આદિવાસીને સ્વરોજગારી તરફ અથવા ગૃહઉદ્યોગ તરફ વળે તે માટે તાલીમ લેવા ઈચ્છતા યુવકો, યુવતીઓ તેમજ અધવચ્ચેથી અભ્યાસ છોડી દીધેલ, બેકાર યુવાનો માટે સંકલિત પેટા યોજના દ્વારા સહી દેખરેખ હેઠળ ચાલતા ટૂંકાગાળાની તાલીમ વર્ગો કે જે તાલીમ મેળવી આદિવાસી યુવક યુવતી સ્વરોજગારી મેળવી શકે તે હેતુસર તથા કારકિર્દી બનાવવા ઈચ્છતા યુવક, યુવતીઓ માટે વિવિધ પ્રકારના તાલીમ વર્ગો ચલાવવામાં આવે છે. જેથી આદિવાસી યુવકો પરંપરાગત વ્યવસાય તથા નોકરીલક્ષી અભિમગથી ઉપર ઊઠી પોતાની જાતે, પોતાની રીતે રોજગારીની તકો ઊભી કરી શકે તથા અન્ય રોજગારલક્ષી તકોમાં પોતે સહભાગી બની શકે.

આ ઉપરાંત રાજયના વહીવટી માળખામાં આવતા દરેક વિભાગો દ્વારા ચલાવવામાં આવતાં વિકાસનાં કામોના પણ સુચારુરૂપ અમલીકરણ સાથે સમવર્તી વિકાસ થાય તે માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, રોજગાર કચેરી, જિલ્લા ખેતીવાડી કચેરી, સમાજ કલ્યાણ, પ્રાયોજના..

કચેરી, તકેદારી કચેરી, યોજના સહ તાલુકા વિકાસ અધિકારીની કચેરી વગેરે દ્વારા વિવિધ પ્રકારના તાલીમ વર્ગો દ્વારા સર્વાંગીણ વિકાસ માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત રાજયના પાટનગર ગાંધીનગરમાં આવેલી ડી.સેગ કચેરીની સીધી દેખરેખ નીચે કેટલીક એન.જી.ઓ. મારફતે આજના આધુનિક અને વિકસિત સમયને ધ્યાને લઈ અનેક તાલીમ વર્ગો ચલાવવામાં આવી રહ્યા છે. જેનો મુખ્ય ઉદ્દેશ આદિવાસી સમાજને અન્ય સમાજની મુખ્ય ધારામાં જલદીમાં જલદી લઈ આવવાનો છે.

અભ્યાસના હેતુઓ :

(૧) વિવિધ વ્યવસાયલક્ષી તાલીમથી રોજગારીની તકો ઊભી થતી રહે છે કે નહીં તે જોવું.

(૨) વિવિધ વિભાગો દ્વારા ચલાવાતા વર્ગોમાં પુનરાવર્તન (બેવડાસ) છે કે નહીં તે જોવું.

(૩) આ તાલીમ વર્ગોથી આદિવાસી સમાજના યુવક-યુવતીઓને લાભ મળતા થયા છે કે નહીં તે જાણવું.

(૪) તાલીમ પછી કેટલાને કામ મળે છે, કેટલા સમય પછી કામ મળે છે અને કેટલા બાકી રહે છે તે તપાસીને તાલીમ પછીનું અમલીકરણ તપાસવું.

(૫) તાલીમ લીધા પછી રોજગારીની તકો અથવા કારકિર્દી ઘડતરમાં યોગદાન.

(૬) તાલીમ લીધા પછી રોજગારી માટે આપવામાં આવતી સહાય, માર્ગદર્શન વગેરે વિગતે તપાસ કરીને તાલીમાર્થીના પોતાના અનુભવ આધારિત અભિપ્રાયો મેળવવા.

અભ્યાસનું ક્ષેત્ર :

કાર્યક્ષેત્રમાં સમગ્ર ગુજરાતનો આદિવાસી વિસ્તાર આવતો હોઈ સઘન આદિવાસી વસતિ વિસ્તારને અભ્યાસમાં આવરી લીધેલ છે.

સંશોધન પ્રવિધિઓ :

મુખ્ય માહિતી સ્ત્રોત તપાસ કાર્યક્રમો ચલાવતી કચેરીઓ હતી. જેમાં વર્ષવાર ચલાવેલ વર્ગોની યાદી સાથે તાલીમાર્થીઓનાં નામ- સરનામાવાળી યાદી મેળવવાની રહેતી હતી.

અભ્યાસી માપદંડ :

આજ સુધી જેની રોજગારી શક્ય ન બની હોય તેવા તાલીમાર્થીઓની રૂબરૂ મુલાકાત લઈને કેસ સ્ટડી કરવાના થાય તે આ અભ્યાસમાં સમાવેશ થયેલ નથી.

તાલીમ : પૂર્વ ભૂમિકા :

તાલીમનો સાચો અર્થ ''પૂર્ણતા પ્રાપ્તિ કરવી'' તેવો થાય છે. આપણે ત્યાં જે તાલીમની વાત કરવાના છીએ તે અસ્થાયી અને અસ્થાયી સમય સાથે જોડાયેલી જોઈ શકાય છે. રાજય વ્યવસ્થામાં પણ તે અસ્થાયી અને પરિવર્તનશીલ જોઈ શકાય છે. આપણે સર્વાંગી વિકાસ / કેળવણી વગેરેની વાતો સરળતાથી કરીએ છીએ પણ તે તરફ જે સ્થાયી વ્યવસ્થા કે ધ્યાન આપવું જોઈએ તેટલું આપી શકતા નથી. આના કારણે દરેક બાબતે આપણે ફેરવિચારણા કે વ્યવસ્થા ઊભી કરવાની ફરજ પડે છે. સરવાળે જે લાભ થવો જોઈએ તેટલો ઝડપથી થઈ શકતો નથી અને પુનરાવર્તનના સિધ્ધાંતથી જ ચાલ્યા કરવાનું થાય છે. મૂળે પાયાની કેળવણીમાં સર્વાંગીપણું આવવું જોઈએ તે ન આવવાને કારણે આ બધી સમસ્યાઓ ઊભી થાય છે. કારણ કે, માનવ વ્યક્તિત્વ હંમેશ એકસરખું હોતું નથી. તે સતત પરિવર્તનશીલ અને સમન્વયની પ્રક્રિયા છે. આ સતત પરિવર્તનના તબક્કા શું છે. માનવ વિકાસમાં તે ક્યારે કેવા પરિવર્તન આવે છે તે સમજવામાં ન આવે ત્યાં સુધી કંઈપણ પ્રકારની તાલીમ કે શિક્ષણ સર્વાંગી બની શકે તેમ નથી, જયારે આપણે તો ટૂંકાગાળાની તાલીમ દ્વારા તેને સર્વાંગી વિકાસ તરફ વાળવાના પ્રયત્નમાં લાગેલા છીએ. આપણા આ પ્રયત્નો બીજાઓ દ્વારા બીજી કોઈ જગ્યાએ અમલીકરણ થયેલા હોય તેવા બીજાઓ દ્વારા અમલમાં મૂકવામાં આવેલા હોય તેનું અધકચરું અનુસરણ હોવાથી તે આપણને ધાર્યું પરિણામ આપી શકતા નથી તેવી સ્પષ્ટ છાપ ઉપસી આવે છે. આમ તો જન્મથી જ વ્યક્તિની તાલીમ શરૂ થઈ જતી હોય છે. તેને જે તાલીમ મળી હોય છે તેને આધારે તેનું વ્યક્તિત્વ ઘડાતું હોય છે અને આવા વ્યક્તિત્વના કારણે જ સામાજીક ભેદ રેખા પણ દોરાઈ હોય તેવું જોઈ શકાય છે. કાળક્રમે આ ભેદ રેખા એટલી મજબૂત બની કે તેમાંથી જાતિ-જ્ઞાતિ જેવા મજબૂત સંગઠનો બનયા અને આ જે તે પ્રમાણે થતા વ્યાપાર, વ્યવહારો જોઈ શકાય છે. આ કોઈ કુદરતી વ્યવસ્થા નથી પણ માનવ સર્જીત વ્યવસ્થા બની ચૂકી છે અને મૂળભૂત પ્રશ્નોમાં પણ તેની ભૂમિકા મહત્વની જોઈ શકાય છે. કારણ કે મનુષ્યે મનુષ્યને ભૂલી વિજ્ઞાનને પ્રાધાન્ય આપ્યું. આ આધુનિક વિજ્ઞાન ઉપભોક્તા વાદનો જન્મદાતા બન્યો. આ ઉપભોક્તા વાદમાં નવી નવી શોધો દ્વારા વ્યક્તિ કે સમાજની ભોગ લાલસાને એટલી બધી વધારી દીધી કે કોઈપણ ભોગે તે મેળવવી અને તેનો ઉપભોગ કરવો તેવા અભિગમને કારણે કુદરતી અસમતુલન ગુમાવી બેઠેલી વ્યવસ્થા પ્રણાલીએ મનુષ્ય જીવનને સંઘર્ષમય અને ચિંતાગ્રસ્ત બનાવી મૂક્યું છે. આવા સંઘર્ષમય અને ચિંતાગ્રસ્ત સમાજ વ્યવસ્થામાં કલ્યાણ કે સર્વાંગી વિકાસ વ્યવસ્થા સ્થાપિત કરવા માટે પણ સંઘર્ષની જરૂરિયાત જોઈ શકાય છે.

સમાજમાં છેવાડાના માનવી તરીકે જેની ગણના થાય છે તેવા આદિવાસી સમાજ માટે અનેકવિધ યોજનાઓના અમલીકરણ દ્વારા તેને સમાજની મુખ્ય ધારામાં લાવવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

આ યોજનાઓ દ્વારા તેને બહારથી ઓક્સિજન આપવાની પ્રક્રિયા કરી શકાય. આમાં કોઈ ખંતીલો વ્યક્તિ હોય, પોતે જાતે પ્રયત્નો વધારી ઊભો થઈ પણ શકે પણ તેને સર્વાંગી વિકાસ વ્યવસ્થા માનવાની ભૂલ હું કરી શકું તેમ નથી. તેમ છતાં નિષ્ફળતા એ સફળતાનો જ એક ભાગ છે. તેમ માની લાગી રહેવાથી એક દિવસ ચોક્કસ સફળતા મળશે તેવો આત્મવિશ્વાસ રાખી પ્રયત્નો ચાલુ રાખવા જોઈએ તેમાં હું માનું છું. આમાં એક મહત્વના પાસા તરીકે નિષ્ઠા અને નૈતિકતાના પાયા ઉપર જો માંડણી કરવામાં આવે તો ઝડપીમાં ઝડપી પરિણામ મેળવી શકાય. પણ તે માટેનો સમય હજુ પાક્યો હોય તેવું આજની પરિસ્થિતિએ કહેવું મુશ્કેલ છે. નિષ્ફળતા અથવા નુકસાનના માપ ઉપરથી યોજનાઓનું મૂલ્યાંકન થવું જોઈએ; જેથી આપણે કેટલા ઊણા છીએ તેનું માપ મળી રહે.

પ્રસ્તુત અભ્યાસમાં સરકારી એજન્સીઓ દ્વારા ચલાવેલ વર્ગોમાં તાલીમાર્થીઓની સંખ્યા જાણવા માટે વર્ષ ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦, ૨૦૧૦-૧૧નો આધાર લેવામાં આવ્યો હતો. સરકારી એજન્સીઓ પાસેથી જિલ્લાવાર તાલીમાર્થીઓના જે આંકડા પ્રાપ્ત થાય છે તે નીચેના કોઠા દ્વારા જોઈ શકાય છે.

તાલીમાર્થીની સંખ્યા દર્શાવતો કોઠો

ક્રમ	જિલ્લાનું નામ	૨૦૦૮-૦૯	૨૦૦૯-૧૦	૨૦૧૦-૧૧	કુલ
૧.	તાપી	૮૬૯	૧૪૫	૩૨૫૯	૪૨૭૩
૨.	નર્મદા	૫૧૪	૪૭૩	૧૧૨૫	૨૧૧૨
૩.	વલસાડ	૨૪૪૯	૨૨૧૪	૨૫૬૮	૭૨૩૧
૪.	ભરૂચ	૩૪૪૪	૨૪૩	૯૮૫	૪૬૭૨
૫.	સાબરકાંઠા	૧૫૬૯	૨૬૩૨	૨૨૪૫	૬૪૪૬
૬.	વડોદરા	૧૩૮૮	૫૮૦	૧૮૮૧	૩૮૪૯
૭.	દાહોદ	૨૫૦૫	૩૩૮૮	૫૦૨૨	૧૦૯૧૫
૮.	પંચમહાલ	૧૬૦૪	૧૭૭૦	૩૭૮૨	૭૧૫૬
૯.	બનાસકાંઠા	૧૫૪૯	૧૫૯૬	૧૪૯૦	૪૬૩૫
૧૦.	સુરત	૬૮	૨૬૬૩	૬૭૭	૩૪૦૮
૧૧.	નવસારી	૨૫૦	૨૦૭૯	૪૧૫૨	૬૪૮૧
૧૨.	ડાંગ	૩૬૭	૭૩૪	૫૦૧	૧૬૦૨
	કુલ	૧૬૫૭૬	૧૮૫૧૭	૨૭૬૮૭	૬૨૭૮૦

ઉપરોક્ત કોઠા દ્વારા જાણી શકાય છે કે ત્રણ વર્ષના સમયગાળામાં કુલ ૬૨,૭૮૦ તાલીમાર્થીઓએ વિવિધ પ્રકારની તાલીમ મેળવી છે. આમ ઉત્તરોઉત્તર તાલીમાર્થીઓની સંખ્યામાં વધારો થયેલો જોઈ શકાય છે. તાલીમાર્થીઓની સંખ્યા અનુક્રમે ૨૬.૪૦ ટકા, ૨૯.૫૦ ટકા અને ૪૪.૧૦ ટકા જેટલી વધેલી જોઈ શકાય છે. આમ તાલીમને સઘન બનાવીને તાલીમની માંગ પૂરવાની વ્યવસ્થા ગોઠવેલી જોઈ શકાય છે અને બીજી રીતે જિલ્લાવાર જોવાનો પ્રયત્ન કરીએ તો તમામ સ્તરે સતત વધારો થઈ રહેલો જોઈ શકાતો નથી. પરંતુ વધઘટ જોઈ શકાય છે. તાપી, નર્મદા, ભરૂચ, વડોદરા જિલ્લાઓમાં વર્ષ ૨૦૦૯-૧૦માં સંખ્યા ઘટેલી જોઈ શકાય છે. જ્યારે સુરત, નવસારી, દાહોદ, સાબરકાંઠા, વલસાડ જિલ્લાઓમાં વધારો થયેલો જોઈ શકાય છે. તે જ રીતે ૨૦૧૦-૧૧માં ડાંગ અને સુરતમાં તાલીમાર્થીઓની સંખ્યા ઘટેલી જોઈ શકાય છે. આનો અર્થ એ થાય કે તાલીમી કાર્યક્રમો કોઈ ચોક્કસ નીતિનિર્ધારિતપણે શરૂ થયેલ નથી પણ અનુકૂળતા પ્રમાણે તાલીમી કાર્યક્રમો ચાલી રહ્યા હોય તેમ જોઈ શકાય છે.

વસતિની રીતે આ તાલીમાર્થીઓની સંખ્યા જોઈએ તો ત્રણ વર્ષના સમયગાળામાં ૦.૮૮ ટકા લોકોએ તાલીમ મેળવી છે. આમ ૧ ટકા થી પણ ઓછી ટૂંકાગાળાની તાલીમની વ્યવસ્થા છે. આને બીજી રીતે મૂલવીએ અને અનુમાન કરીએ કે યુવાન વર્ગ અથવા કામ કરનાર વર્ગને તાલીમની જરૂરિયાત ઊભી થાય છે. આજના અંદાજ પ્રમાણે ૩૦ થી ૩૫ ટકા યુવાનો ભારતમાં છે. આ યુવા વર્ગ જો મોખરે રહે તો તેમને તાલીમની આવશ્યકતા ઘણી વધારે છે. કુલ ૨૧,૩૭,૩૯૮ યુવાનોની સંખ્યા અંદાજવામાં આવે તો લગભગ ૨.૯૩ ટકા જેટલા યુવાનો માટે તાલીમની વ્યવસ્થા થઈ શકેલી તેમ કહી શકાય. આમ આ તાલીમી વ્યવસ્થા એ યુવાનો કે જેઓ કામ કરવા માગે છે, પણ યોગ્ય માર્ગદર્શન કે તાલીમના અભાવે તેઓ કરી શકતા નથી તેવા વર્ગ માટે પણ આવી અપૂરતી અને અપર્યાપ્ત વ્યવસ્થા હોય તો આદીવાસી ઉત્કર્ષની વાત કરવામાં કેટલો વિરોધાભાસ રહેલો છે તેમ પણ કહી શકાય. એમાં પણ જિલ્લાવાર પરિસ્થિતિ જોઈએ તો દરેક વર્ગમાં ભરતીની સ્થિતિ જોઈ શકાય છે. આ જ વસ્તુ બતાવે છે કે આ ક્ષેત્રે આપણે જેટલા ગંભીર હોવા જોઈએ તેટલા નથી.

વર્ષવાર તાલીમ :

અગાઉ જોયું તેમ આ અભ્યાસમાં ત્રણ વર્ષનો આધાર લેવામાં આવ્યો છે. અભ્યાસના મુખ્ય ઉદ્દેશ પ્રમાણે તાલીમની એકસૂત્રતા જળવાય અને સુચારુરૂપ તાલીમ વ્યવસ્થા ગોઠવાય, સાથે સાથે એકજ પ્રકારની તાલીમ સરકારી ખાતાઓ તરફથી અપાતી હોય તે જોવું અને એકસૂત્રતા તપાસવી. પ્રથમ આપણે ૨૦૦૮-૦૯ના વર્ષમાં જિલ્લા સ્તરે જે તાલીમ કાર્યક્રમો અમલી બન્યા છે તેની વિગતો કોષ્ટકમાં આપવામાં આવી છે. તેનો અભ્યાસ કરીશું. જિલ્લા સ્તરે તાલીમના કાર્યક્રમો ચલાવતી સરકારી એજન્સીઓમાં સંકલિત આદિજાતિ પેટા યોજના કચેરી (પ્રાયોજના કચેરી), જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, સમાજ કલ્યાણ કચેરી, જિલ્લા ખેતીવાડી કચેરી અને તકેદારી કચેરી મુખ્ય છે. અમલીકરણ એજન્સીઓમાં એન.જી.ઓ., શૈક્ષણિક સંસ્થાઓ, આઈ.ટી.આઈ., વ્યક્તિ વિશેષ, તાલુકા પંચાયત વગેરેનો સમાવેશ થયેલો જોઈ શકાય છે.

આમાં ખાસ ધ્યાન ખેંચે તેવી બાબત તાલીમનો સમય અને સ્થળ અંગેની જોઈ શકાય છે. આર્ટીફીશીયલ જ્વેલરી તાલીમનો સમય એક માસ દર્શાવ્યો છે. જયારે વાસ્તવમાં માત્ર ૩૨ કલાકની પણ તાલીમ આપેલી છે. અકીકના પથ્થરની તાલીમનો સમયગાળો જ દર્શાવ્યો નથી. જયારે કપરાડા તાલુકા પંચાયત દ્વારા ચલાવેલ ઈંટ ભઠ્ઠાની તાલીમ એક માસની દર્શાવી છે. જયારે બીજી તાલીમ ૧૦ દિવસની દર્શાવી છે. ઈમીટેશન જ્વેલરીની તાલીમ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને પ્રાયોજના કચેરી દ્વારા ચલાવવામાં આવી છે. જિલ્લા અને સ્થળ બન્નેના અલગ છે. તે રીતે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ઉની ગાલીચાની તાલીમ ચલાવવામાં આવી છે. પ્રાયોજના કચેરી દ્વારા પણ આ તાલીમ ચલાવવામાં આવી છે. (ઝઘડીયા). ઉની ગાલીચા તાલીમ દાહોદમાં ત્રણ માસની ચલાવવામાં આવી છે; જયારે અન્ય જિલ્લામાં ૬ માસની તાલીમ આપવામાં આવી છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ઓટો રીપેરિંગ અને ટુ વ્હીલર રીપેરિંગના તાલીમ વર્ગો ચલાવવામાં આવ્યા છે. જેમાં ૧ માસ, બે માસ અને ૧ વર્ષની તાલીમ ચલાવવામાં આવી છે. તેજ રીતે કડિયાકામના તાલીમ વર્ગો પ્રાયોજના કચેરી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને જિલ્લાગ્રામ વિકાસ એજન્સીઓ દ્વારા ચલાવવામાં આવ્યા છે. જો કે અમાં એક સામ્ય જોવા મળે છે કે દરેક એજન્સીના જિલ્લા અલગ છે. કડિયાકામની તાલીમમાં ૧ માસથી ૩ માસ સુધીનો સમયગાળો જોઈ શકાય છે. દાહોદ જિલ્લામાં ગ્રામ વિકાસ ટ્રસ્ટ દ્વારા દાહોદ જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં કડિયાકામના ૧૬ દિવસના તાલીમ વર્ગો ચલાવવામાં આવ્યા છે. જયારે ડાંગ જિલ્લામાં સમાજકલ્યાણ કચેરી દ્વારા કડિયાકામની તાલીમ ચલાવવામાં આવી છે. જેમાં સ્થળની જગ્યાએ ડાંગ દર્શાવ્યું છે અને તાલીમનો સમયગાળો દર્શાવવામાં આવ્યો નથી.

વલસાડ જિલ્લામાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીએ કપરાડા તાલુકા વિકાસ અધિકારી દ્વારા કર્મકાંડના ત્રણ વર્ગો ચલાવ્યા; જેમાં બે વર્ગ ૧૦ દિવસના અને એક વર્ગ ૧ માસ સુધી ચલાવ્યા છે. આમાં સમયની વિસંગતતા જોઈ શકાય છે. તે જ રીતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, વલસાડ દ્વારા કેટરીંગના વર્ગો ચલાવ્યા છે. તેમાં પણ તાલીમનો સમય ૧૦ દિવસ અને ૧ માસ દર્શાવવામાં આવ્યો છે. તે જ રીતે દાહોદમાં તકેદારી અધિકારી કચેરી દ્વારા કેટરીંગ એન્ડ ફુડના વર્ગો ૩ માસ સુધી ચલાવ્યા છે. રોજગાર કચેરી દ્વારા નર્મદા, ભરૂચ, પંચમહાલ, ડાંગમાં કોચિંગ કમ ગાઈડન્સના વર્ગો ચલાવ્યા છે. જેમાં તાલીમનો સમય દર્શાવવામાં આવ્યો નથી. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, તકેદારી કચેરી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ભરૂચ, વડોદરા, વલસાડ જિલ્લાઓમાં કોમ્પ્યુટર, ડીટીપી ના વર્ગો ચલાવ્યા છે. જેમાં સમય દર્શાવ્યો નથી. જયારે વલસાડની જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ચલાવેલ કોમ્યુટરના તાલીમ વર્ગોનો સમય ૩ માસ દર્શાવ્યો છે.

આમ કોમ્યુટર બેઝીકના વર્ગો જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, તકેદારી કચેરી, પ્રાયોજના કચેરી, સમાજ કલ્યાણ કચેરી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ચલાવેલા જોઈ શકાય છે. ૩ થી ૬ માસ સુધીના વર્ગો ચાલેલા જોઈ શકાય છે. પ્રાયોજના કચેરી, સાબરકાંઠા દ્વારા અને જિલ્લા શિક્ષણ અધિકારી હિંમતનગર મારફતે કોમ્યુટર તાલીમમાં શાળાદીઠ બે શિક્ષકોને ૧૫ દિવસની તાલીમ આપી છે. વલસાડ જિલ્લામાં તકેદારી અધિકારી મારફત જ્વેલરીની તાલીમ ૩૨ કલાકની આપવામાં આવી છે. તે જ તાલીમ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા સાબરકાંઠામાં આપવામાં આવી છે. પરંતુ તેમાં સ્થળ કે સમયનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા માનવ ઉત્થાન સેવા કેન્દ્ર, ખેડબ્રહ્મા મારફતે નાળિયેરની છાલમાંથી રમકડાં બનાવવાની તાલીમના વર્ગો ચલાવવામાં આવ્યા છે. જેમાં સ્થળ દર્શાવ્યા છે પણ સમય દર્શાવવામાં આવ્યો નથી. પ્રાયોજના કચેરી વલસાડ, સાબરકાંઠા, પાલનપુર, ભરૂચ દ્વારા એન.આઈ.ટી.સી. અમદાવાદ, એન.આઈ.આઈ.ટી. બોમ્બે-નાટ મુંબઈ મારફતે પી.સી. એન્ડ પેરી ફેશીયલ રિપેર્સ એન્ડ મેન્ટેનન્સમાં વલસાડ, સાબરકાંઠા અને પાલનપુરમાં સ્થળ દર્શાવ્યા નથી. જયારે બે માં ૧ માસ સમય દર્શાવ્યો છે. જયારે ભરૂચ પ્રાયોજના દ્વારા તાલીમ વર્ગો ચાલેલ વર્ગોમાં માત્ર સ્થળ દર્શાવ્યા છે પણ સમય દર્શાવવામાં આવ્યો નથી.

પૂર્વ પોલીસ, એસ.આર.પી. સિકયુરીટીગાર્ડ, લશ્કરી ભરતની તાલીમ વગેરે માટેના તાલીમ વર્ગો પ્રાયોજના કચેરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, તકેદારી કચેરી, એમ બે એજન્સીઓ દ્વારા ચલાવવામાં આવ્યા છે. તાલીમનો સમય ૩ થી ૪ માસ દર્શાવવામાં આવ્યો છે. પ્લમ્બીંગ તાલીમ પ્રાયોજના કચેરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી , જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા તાપી, વલસાડ, ભરૂચ, પંચમહાલ, જિલ્લાઓમાં

ચલાવવામાં આવ્યા છે. જેમાં ૧ માસની સમય અવધિ દર્શાવવામાં આવી છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને પ્રાયોજના કચેરી મારફત ફોટોગ્રાફીના વર્ગો ચલાવવામાં આવ્યા છે. જેમાં તાલીમનો સમય દર્શાવવામાં આવ્યો નથી, જયારે તાલીમના સ્થળમાં તાલુકાનાં ગામડાં દર્શાવવામાં આવ્યાં છે. સાબરકાંઠા જિલ્લામાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા બાંટીવાડા અને ખેડબ્રહ્મા સ્થળે બીઓપી તાલીમ વર્ગો ચલાવવામાં આવ્યા છે. જેમાં ૬૦ અને ૧૫૩ તાલીમાર્થી દર્શાવ્યા છે, પણ સમય દર્શાવવામાં આવ્યો નથી. બ્યુટીપાર્લરના વર્ગો પ્રાયોજના કચેરી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ૧ થી ૩ માસનો સમયગાળો દર્શાવતા તાલીમ વર્ગો ચલાવેલા જોઈ શકાય છે. તેજ રીતે ભરત ગૂંથણ અને મોતીકામના વર્ગો પણ પ્રાયોજના અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ચલાવેલા જોઈ શકાય છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, સમાજ કલ્યાણ કચેરી અને પ્રાયોજના કચેરી દ્વારા મોટર ડ્રાઈવીંગના વર્ગો ચલાવેલા જોઈ શકાય છે. જેમાં તાલીમનો સમયગાળો ૧ માસ દર્શાવવામાં આવ્યો છે. મોતી કામની / ભરત ગૂંથણ, વાંસની આઈટમો, પીઠોરા ચિત્રકામ તથા મહેંદી જેવી તાલીમ જિલ્લાગ્રામ વિકાસ એજન્સી, પ્રાયોજના કચેરી અને તકેદારી અધિકારી દ્વારા સાબરકાંઠા, તાપી, પંચમહાલ જિલ્લાઓમાં ચલાવવામાં આવી છે. જેમાં બે થી ત્રણ માસનો સમય દર્શાવવામાં આવ્યો છે. કેટલાકમાં સમય પણ દર્શાવવામાં આવ્યો નથી. મોબાઈલ રિપેરીંગની તાલીમ પ્રાયોજના કચેરી અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ચલાવવામાં આવ્યા છે. જેમાં વલસાડ અને ભરૂચમાં તાલીમનો સમયગાળો દર્શાવવામાં આવ્યો નથી. જયારે વડોદરામાં બે માસ દર્શાવ્યા છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા આઈસેડ દ્વારા લઘુઉદ્યોગની તાલીમ નર્મદા જિલ્લાના કેવડીયા / કોઠી ખાતે આપવામાં આવી છે. જેમાં તાલીમનો સમય અને લઘુ ઉદ્યોગનું નામ દર્શાવવામાં આવ્યા નથી. તેજ રીતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા રેડીમેડ ગારમેન્ટની તાલીમ ભિલોડા ખાતે પરષોત્તમ બાલાજીભાઈ ગ્રુપ, અમદાવાદ દ્વારા આપવામાં આવી છે. તેમાં સમય, સંખ્યા દર્શાવવામાં આવી નથી. વાયરમેનના તાલીમ વર્ગો જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, પ્રાયોજના કચેરી દ્વારા ચલાવેલા જોઈ શકાય છે. તેજ રીતે વાંસકામની તાલીમ તકેદારી અધિકારી, સમાજકલ્યાણ અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા આપવામાં આવેલી છે. વિડીયો શુટીંગ ફોટોગ્રાફી અંગેના જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને પ્રાયોજના કચેરી દ્વારા ચલાવતા તાલીમ વર્ગોમાં તાલીમના સ્થળ દર્શાવવામાં આવ્યા છે પણ તાલીમનો સમય દર્શાવવામાં આવ્યો નથી.

વેલ્ડીંગની તાલીમ પ્રાયોજના કચેરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા આપેલી જોઈ શકાય છે.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા વ્યવસાયલક્ષી તાલીમ આઈસેડ, અમદાવાદ મારફત નર્મદા જિલ્લાના ડેડિયાપાડા અને સાગબારા તાલુકામાં આપવામાં આવી છે. તેમાં વ્યવસાયનું નામ કે તાલીમનો સમય દર્શાવવામાં આવ્યાં નથી.

સિવણ વર્ગો પ્રાયોજના કચેરી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ચલાવવામાં આવ્યા છે. જેમાં ૧ થી ૪ માસનો સમય દર્શાવવામાં આવ્યો છે.

પ્રાયોજના કચેરી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા સીએનસી મશીનિસ્ટની તાલીમ ઈન્ડો જર્મન ટુલ્સ દ્વારા આપવામાં આવે છે. તેનો સમય ૧ વર્ષ છે અને સ્થળ અમદાવાદ છે.

સુથારીકામના વર્ગો પ્રાયોજના કચેરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો ચલાવેલા જોઈ શકાય છે. ૧ થી ૩ માસનો તાલીમ સમય દર્શાવિલ છે.

હોટલ મેનેજમેન્ટ ૩ થી ૬ માસનો કોર્સ પ્રાયોજના કચેરી દ્વારા ચલાવવામાં આવે છે. હીરા ઘસવાની તાલીમ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ચલાવવામાં આવે છે.

આમ ૨૦૦૮-૦૯ના વર્ષમાં જે તાલીમ વર્ગો ચલાવવામાં આવ્યા છે તેમાં પ્રાયોજના કચેરી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સમાજ કલ્યાણ કચેરી અને તકેદારી અધિકારી કચેરી દ્વારા ચલાવાતા વર્ગોનું પુનરાવર્તન/તાલીમ વર્ગો બેવડાતા જોઈ શકાય છે. પણ આ ડુપ્લીકેશન જિલ્લાવાર હોવાને નાતે આદિવાસી તાલીમાર્થીઓને લાભ જ થવાનો છે તેમ માનીને ચાલીએ તો પણ તાલીમના સ્થળ અને તાલીમના સમયની એક સૂત્રતા જળવાતી નથી તથા તાલીમ આપતી સંસ્થાની ક્ષમતાનો પણ ખ્યાલ આવી શકતો નથી.

૨૦૦૯-૧૦ :

૨૦૦૯-૧૦માં જે તાલીમ કાર્યક્રમો ચલાવ્યા તેમાં અગાઉ જે કચેરીઓ દ્વારા તાલીમ કાર્યક્રમ ચલાવવામાં આવે છે તેજ કચેરીઓ દ્વારા ચલાવેલા જોઈ શકાય છે. ૨૦૦૯-૧૦માં ૧૮,૫૧૭ તાલીમાર્થીઓ નોંધાયેલ જોઈ શકાય છે.

ડાંગ :

ડાંગ જિલ્લામાં સમાજ કલ્યાણ કચેરી દ્વારા જુદા જુદા ૧૧ તાલીમ વર્ગો ચલાવેલા છે. જયારે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ૬, પ્રાયોજના કચેરી દ્વારા ૨ અને જિલ્લા રોજગારી કચેરી દ્વારા ૧ કોચિંગ કલાસ ચલાવેલા જોઈ શકાયા હતા. આમ કુલ ૨૦ તાલીમ વર્ગો જુદી જુદી સંસ્થાઓ મારફત ચલાવવામાં આવ્યા હતા.

વલસાડ :

વલસાડ જિલ્લામાં ૩૮ તાલીમ વર્ગો ચલાવવામાં આવ્યા હતા. જેમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ૨૮, પ્રાયોજના કચેરી અને તકેદારી અધિકારી દ્વારા ૮ અને જિલ્લા ખેતીવાડી અધિકારી અને રોજગાર અધિકારી દ્વારા એક-એક તાલીમ વર્ગો ચલાવવામાં આવ્યા હતા.

નવસારી :

નવસારી જિલ્લામાં કુલ ૩૯ તાલીમ વર્ગો ચલાવવામાં આવ્યા હતા. જેમાં પ્રાયોજના કચેરી દ્વારા ૨૫, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા-૧૩ અને તકેદારી અધિકારી મારફત એક વર્ગ ચલાવવામાં આવ્યા હતા.

સાબરકાંઠા :

સાબરકાંઠા જિલ્લામાં ૨૦૦૯-૧૦માં કુલ ૨૪ તાલીમ વર્ગો ચાર કચેરીઓ દ્વારા ચલાવેલ જોઈ શકાય છે. જેમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ૧૦, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા-૮, પ્રાયોજના કચેરી દ્વારા-૪ અને રોજગાર કચેરી દ્વારા - ૨ વર્ગો ચલાવવામાં આવ્યા હતા.

નર્મદા :

નર્મદા જિલ્લામાં ૧૫ તાલીમ કાર્યક્રમો ચલાવવાની માહિતી ઉપલબ્ધ છે જેમાં પ્રાયોજના કચેરી દ્વારા ૯, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા-૪, જિલ્લા રોજગાર કચેરી દ્વારા-૨ વર્ગો ચલાવેલા જોઈ શકાય છે. પ્રાયોજના કચેરી દ્વારા અપાયેલ તાલીમ વર્ગોમાં તાલીમનું સ્થળ, તાલીમનો સમય અને તાલીમાર્થીઓની સંખ્યા પણ કેટલાક વર્ગોમાં દર્શાવવામાં આવી નથી. જેમાં આઈસેડ ઈ-૧/૪૧ અમદાવાદ, પેકનોલીક ઈન્ફોટેક, એકેડેમી ફોર કોમ્પ્યુટર ટ્રેનીંગ ગુ.પ્રા.લી., જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓ ટુવ્હીલર રીપેરીંગમાં તાલીમ આપતી સંસ્થાનું નામ, તાલીમ સ્થળને તાલીમનો સમય દર્શાવેલ ન હતો. તાલીમાર્થીઓની ૨૫ સંખ્યા દર્શાવવામાં આવી હતી. પોલીસ અધિકારીશ્રી નર્મદા દ્વારા લોકરક્ષક ગાર્ડની ભરતી માટે તાલીમ આપી, જેમાં સ્થળ, સમય કે સંસ્થા દર્શાવવામાં આવી નથી. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ફેબ્રીકેશનની તાલીમનું સ્થળ અને તાલીમનો સમય દર્શાવેલ નથી, જયારે તાલીમાર્થીઓની ૫૦ સંખ્યા દર્શાવી છે. ઈન્ડો જર્મન ટુલરૂમ દ્વારા સી.એન.સી. મશીનીસ્ટ ફાઉન્ડેશનની તાલીમમાં સ્થળ અને સમય દર્શાવ્યાં છે પણ તાલીમાર્થીઓની સંખ્યા દર્શાવી નથી. આમ નર્મદા જિલ્લાના તાલીમ વર્ગો જે ચલાવવામાં આવ્યા છે. તેની માહિતી પૂરતા પ્રમાણમાં આપવામાં આવી નથી.

દાહોદ :

દાહોદ જિલ્લામાં કુલ ૫૧ તાલીમ વર્ગો ચલાવવામાં આવ્યા છે. પ્રાયોજના કચેરી દ્વારા ૩૨ વર્ગો અને તકેદારી અધિકારી કચેરી જે પ્રાયોજના કચેરીનાજ એક ભાગ છે તેમના દ્વારા ૭ વર્ગો ચલાવેલા જોઈ શકાય છે. આમ પ્રાયોજના કચેરી દ્વારા એકંદર કુલ ૩૯ વર્ગો ચાલેલા જોઈ શકાય છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ૯, જિલ્લા રોજગાર અધિકારી દ્વારા ૧ અને જિલ્લા વિકાસ એજન્સી દ્વારા ૨ વર્ગો ચલાવેલા જોઈ શકાય છે. આમ ૨૦૦૯-૧૦ના વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલીમ વર્ગોની સંખ્યા વધુ જોઈ શકાઈ હતી.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ઉની ગાલીચા, તકેદારી અધિકારી દ્વારા 'સહજ' સંસ્થા પડાલ, દાહોદ દ્વારા સ્ક્રીન પ્રિન્ટીંગ અને બ્લોક પ્રિન્ટીંગ, ફર્નિચર અને બાંબુ વુડન, ફુડ એન્ડ કેટરીંગ તાલીમ સાથે હસ્તકલાનો સમાવેશ થાય છે. આમ સ્વરોજગારી માટેના સારા પ્રયત્નો થયેલા જોઈ શકાય છે.

પંચમહાલ :

પંચમહાલ જિલ્લામાં ૨૦૦૯-૧૦માં ૧૧ તાલીમ વર્ગો ચલાવવામાં આવ્યા છે. જેમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા-૫, પ્રાયોજના અને તકેદારી દ્વારા બે-બે તાલીમ વર્ગો, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, જિલ્લા રોજગાર કચેરી દ્વારા એક-એક તાલીમ વર્ગો ચલાવેલા જોઈ શકાય છે. આમ પંચમહાલ જિલ્લામાં તાલીમના કાર્યક્રમોની સંખ્યા ઓછી જોઈ શકાઈ છે.

સુરત :

સુરત જિલ્લામાં ૯ તાલીમ વર્ગો વર્ષ ૨૦૦૯-૧૦માં ચલાવેલાની માહિતી મળી છે. પ્રાયોજના કચેરી દ્વારા-૫, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ૪ વર્ગો ચાલેલા જોઈ શકાય છે. આ તાલીમમાં એમ્બ્રોઈડરીના વર્ગોમાં સ્થળ અને સમય દર્શાવવામાં આવ્યાં નથી પણ તાલીમાર્થીઓની સંખ્યા ૧૫૦ દર્શાવી છે. નર્સિંગ તાલીમમાં પણ સ્થળ કે તાલીમનો સમયગાળો દર્શવિલ નથી. તાલીમાર્થી સંખ્યા ૨૦૦ દર્શાવી છે. રેડિયો રીપેરીંગના વર્ગોમાં સંસ્થાનું નામ કે સ્થળ-સમય દર્શાવ્યા નથી. તાલીમાર્થીઓની સંખ્યા ૧૦૦ દર્શાવી છે. ''સ્કોપ''ની તાલીમમાં સંસ્થા, સ્થળ કે સમય દર્શાવ્યા નથી પણ તાલીમાર્થીની સંખ્યા ૨૦૦૦ દર્શાવવામાં આવી છે. આ દરેક તાલીમ પ્રાયોજના કચેરી દ્વારા આપવામાં આવેલી છે.

ભરૂચ :

ભરૂચ જિલ્લામાં પણ ૨૦૦૯-૧૦ના વર્ષમાં ૯ તાલીમ વર્ગો ચલાવેલા છે. જેમાં સૌથી વધુ પાંચ તાલીમ વર્ગો પ્રાયોજના કચેરી દ્વારા ચલાવેલ છે. જયારે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા-૩ અને જિલ્લા રોજગાર અધિકારી દ્વારા-૧ વર્ગ ચલાવેલો જોઈ શકાયો છે.

બનાસકાંઠા :

પાલનપુર જિલ્લા મથકે પેટા પ્રાયોજના કચેરી કાર્યરત છે. તે દ્વારા મળેલી માહિતી મુજબ વર્ષ ૨૦૦૯-૧૦ના વર્ષે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ૫, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા-૭ અને પ્રાયોજના કચેરી દ્વારા ૧ એમ કુલ ૧૩ તાલીમ વર્ગો ચલાવવામાં આવ્યા છે. જેમાં ૧ દિવસથી ૧ માસના વર્ગો પણ જોવા મળે છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા સ્વસહાય જૂથના ૬૮૪ની સંખ્યા દર્શાવી છે. જયારે સ્વરોજગારીની તાલીમ ૪૪૦ની સંખ્યા દર્શાવી છે. જેમાં સ્થળ કે સમય દર્શાવવામાં આવ્યાં નથી.

તાપી :

તાપી જિલ્લામાં ૨૦૦૯-૧૦ ના વર્ષે ૪ તાલીમ વર્ગનું આયોજન પ્રાયોજના કચેરી દ્વારા થયેલું જોઈ શકાય છે. અન્ય સરકારી એજન્સીઓ દ્વારા તાલીમની સંખ્યા જાણવા મળી નથી. કદાચ નવા જિલ્લાના કારણે પણ આમ હોઈ શકે. રાજકીય ફેશન ટેકનોલોજી સંસ્થાન ગાંધીનગર (નિફટ) દ્વારા ગારમેન્ટ સ્ટીચીંગની તાલીમ ચલાવેલી દર્શાવી છે. જેમાં તાલીમાર્થી સંખ્યા ૩૫ દર્શાવી છે. પણ સ્થળ કે સમયનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. લુહારી કારીગરોને સસ્થિ શિક્ષણ વસાહત ટ્રસ્ટ, બારડોલી દ્વારા તાલીમ આપી છે. તેમાં પણ સ્થળ અને સમય દર્શાવ્યાં નથી. તાલીમાર્થીની ૩૦ સંખ્યા દર્શાવી છે.

વડોદરા :

વડોદરા જિલ્લામાં ૨૦૦૯-૧૦માં ૭ તાલીમ વર્ગો ચાલેલા જોઈ શકાય છે. સાતેસાત તાલીમ વર્ગો તકેદારી અધિકારી દ્વારા ચલાવવામાં આવ્યા છે. વડોદરા જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ચાલેલ વર્ગોની માહિતી કદાચ ઉપલબ્ધ ન હોવાના કારણે આમ થયેલુ જોઈ શકાય છે. તકેદારી અધિકારી દ્વારા ચલાવેલ વર્ગો કોમ્પ્યુટર ડીટીપી, પૂર્વ પોલીસ ભરતી તાલીમ, પર્સનાલીટી ડેવલપમેન્ટ, ઈંગ્લીશ સ્પીકીંગ કોર્સ આદર્શ નિવાસી શાળાઓમાં ચલાવ્યા છે. જેમાં તાલીમના સમયનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

૨૦૦૯-૧૦માં આદિવાસી વિસ્તારોમાં વિવિધ પ્રકારની રોજગારી આપી શકે તે માટે ટૂંકાગાળાના એટલે કે ૧ દિવસની માંડી એક વર્ષ સુધીના જુદા જુદા તાલીમ વર્ગો આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા સ્થાનિક અમલીકરણ કચેરીઓ દ્વારા ચલાવવામાં આવી રહ્યા છે. આ સ્થાનિક તાલીમ વ્યવસાયનો મુખ્ય ઉદ્દેશ સ્થાનિક લોકોને તાલીમની તક દ્વારા તેમનામાં રહેલ શક્તિનો ઉપયોગ કરી સ્થાનિક રોજગારીની તક પૂરી પાડવાનો છે. આમાં આદિવાસી વિભાગની મહત્વની ભૂમિકા રહેલી છે. આ ઉપરાંત રાજય સરકાર દ્વારા ચાલતા વિકાસલક્ષી કાર્યક્રમોનું અમલીકરણ પણ કરવામાં આવ્યું છે. જે પોતાની ડિપાર્ટમેન્ટલ યોજનાઓ દ્વારા પણ તાલીમની વ્યવસ્થા જોઈ શકાય છે. આપણે જોયું તેમ આ વર્ગો સ્થાનિક જિલ્લા, તાલુકાની કચેરી દ્વારા વિવિધ સંગઠનો કે સ્વૈચ્છિક સંસ્થાઓ, ટ્રસ્ટો કે ઉદ્યોગ જગત સાથે જોડાયેલી સંસ્થાઓની મદદ લઈ ચલાવવામાં આવે છે. આ બધા જ કાર્યક્રમો જો સફળ થાય તો ખાસ પ્રશ્નો રહે નહીં પણ આપણી વ્યવસ્થા તેમજ શિથિલતાને કારણે કયાંય એકસૂત્રતા કે સમયપાલનતા જોઈ શકાતી નથી. કયાંક ૫૧ વર્ગો ચલાવેલા છે. તો કયાંક ૭ વર્ગો ચલાવેલા છે. આમાં તાલીમાર્થીઓના અભિપ્રાયો કે સ્થાનિક વ્યવસ્થાને જોડવામાં આવી નથી. જો આ જોડવામાં આવે તો વાસ્તવિક ચિત્ર જોવા મળે કે આપણે કેવા પ્રયત્નો દ્વારા વિકાસની વાતો કરી રહેલા છીએ.

વસતિ અને યુવાનોની સંખ્યા પ્રમાણે વર્ષ ૨૦૧૦-૧૧માં યોજવામાં આવેલ તાલીમ વર્ગોની વિગતો

વસતિ ૨૦૦૧ પ્રમાણે

ક્રમ	વિગત	કુલ વસતિ	આદિવાસી વસતિ પ્રમાણે યુવાનોની સંખ્યા	સરેરાશ ૩૦%
૧.	ડાંગ	૧૮૬૭૨૯	૧૭૫૦૭૯	૫૨૫૨૩.૭
૨.	વલસાડ	૧૪૧૦૫૫૩	૭૭૨૪૦૫	૨૩૧૭૨૧.૫
૩.	નવસારી	૧૨૨૯૪૬૩	૫૯૧૧૬૪	૧૭૭૩૪૯.૨
૪.	સુરત	૪૯૯૫૧૭૪	૧૪૦૮૨૭૦	૪૨૨૪૮૧.૦
૫.	ભરૂચ	૧૩૭૦૬૫૬	૪૪૪૦૪૩	૧૩૩૨૧૨.૯
૬.	નર્મદા	૫૧૪૪૦૪	૪૦૧૬૫૪	૧૨૦૪૯૬.૨
૭.	વડોદરા	૩૬૪૧૮૦૨	૯૬૭૩૯૩	૨૯૦૨૧૭.૯
૮.	દાહોદ	૧૬૩૬૪૩૩	૧૧૮૨૫૦૯	૩૫૪૭૫૨.૭
૯.	પંચમહાલ	૨૦૨૫૨૭૭	૫૫૬૦૦૦	૧૬૬૮૦૦.૦
૧૦.	સાબરકાંઠા	૨૦૮૨૫૩૧	૪૨૦૨૪૨	૧૨૬૦૭૨.૬
૧૧.	બનાસકાંઠા	૨૫૦૪૨૪૪	૨૦૫૯૦૪	૬૧૭૭૧.૨
	કુલ	૨૧૫૯૭૨૬૬	૭૧૨૪૬૬૩	૨૧૩૭૩૯૮.૯

ઉપરોક્ત સઘન આદિવાસી વસતિ ધરાવતા ૧૧ જિલ્લાની વસતિ સાથે ૩૦ ટકા યુવાનોની વસતિ દર્શાવવામાં આવી છે. તાપી જિલ્લાની ગણતરી સુરત જિલ્લામાં કરવામાં આવી છે. પણ તાલીમ સંબંધિત કાર્યક્રમોમાં તાપી જિલ્લાની અલગથી ગણતરી કરવામાં આવી છે. આમ કુલ વસતિના ૩૨.૯૯ ટકા આદિવાસી વસતિનો વસવાટ છે; જયારે કુલ વસતિમાં ૯.૮૯ ટકા આદિવાસી યુવાનો છે. આ વસતિ નાની ન કહી શકાય. આ આદિવાસી યુવાનો પોતાના પરંપરાગત વ્યવસાય ઉપરાંત વધારાની તકો પ્રાપ્ત કરી શકે તે માટે વિવિધ પ્રકારની તાલીમ મળી રહે અને સ્વાવલંબી બને સાથે સ્થળાંતર અટકે માટે સરકારશ્રીની સહાયથી વિવિધ પ્રકારના તાલીમ વર્ગો ચલાવવામાં આવી રહ્યા છે. તેનું પ્રમાણ અને ઉપયોગિતાની સાથે સાથે ડુપ્લીકેશન તો થતું નથી ને તે તપાસવાનો પણ હેતુ હતો.

તાપી :

વર્ષ ૨૦૧૦-૧૧માં તાપી જિલ્લામાં પ્રાયોજના કચેરી અને જિં. ગ્રા.વિ. એજન્સી દ્વારા ૮ તાલીમવર્ગોનું આયોજન ૪ સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલું જોઈ શકાય છે. આ આઠ તાલીમ વર્ગો દ્વારા

૩૨૫૯ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી છે. જેમાં તાલીમનો સમય દર્શાવેલ નથી, તાલીમના સ્થળમાં તાલુકાઓનાં નામ દર્શાવવામાં આવ્યાં છે. ટીમલીઝ- દ્વારા રોજગારી અંગેની તાલીમ ૪૪૦ તાલીમાર્થીઓને આપવામાં આવી છે, જયારે એનોર્ડ ફાઉન્ડેશન દ્વારા વ્યારા તાલુકામાં પશુપાલન તાલીમ ૨૦૪૪ તાલીમાર્થીઓને આપવામાં આવી છં, જયારે એનાર્ડ ફાઉન્ડેશને વ્યારા તાલુકામાં સીવણકામની તાલીમ ૩૮૮ તાલીમાર્થીઓને આપી છે. જે સૌથી વધુ સંખ્યા જોઈ શકાય છે. વસતિની રીતે તાપી જિલ્લાના ચાર તાલુકાની આદિવાસી વસતિ ૬,૪૬,૫૯૨ જેટલી જોઈ શકાય છે, આમાં ૩૦ ટકા યુવાનો કે જેઓ પોતે કંઈ કામધંધો કે શીખવા માગે છે તેવાનો અંદાજ ૧,૯૩,૯૭૭ જેટલો થાય. આમ ૧.૬૯ ટકા તાલીમનો હિસ્સો થાય તે વસતિના પ્રમાણમાં નહીવત્ કહી શકાય.

નર્મદા :

વર્ષ ૨૦૧૦-૧૧માં વિવિધ પ્રકારની ૨૮ જેટલા તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રાયોજના કચેરી, જિલ્લા શિક્ષણ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી અને તકેદારી અધિકારીની કચેરીઓ દ્વારા તાલીમો ચલાવાઈ છે, આ બધી જ તાલીમોમાં તાલીમના સમયનો કોઈ ઉલ્લેખ બતાવ્યો નથી. વ્યક્તિ વિકાસ તાલીમ, સી.સી.સી. કોમ્પ્યુટર તાલીમ વર્ગોની સંખ્યા પણ દર્શાવવામાં આવી નથી. તેમજ તાલીમનાં સ્થળ તાલુકા મથકે જ દર્શાવવામાં આવ્યાં છે. જેની સંખ્યા દર્શાવાઈ છે તે ૧૧૨૫ તાલીમાર્થીઓ થાય છે. અંગ્રેજી ''સ્કોપ'' અંતર્ગત ૩૬૫ તાલીમાર્થીઓને તાલીમ આપી છે. જયારે ડેડિયાપાડા અને સાગબારા તાલુકાઓમાં વારલી પેઈન્ટીંગની વ્યવસાયલક્ષી તાલીમ તકેદારી અધિકારી દ્વારા ચલાવાઈ છે; જેમાં ૨૦૦ તાલીમાર્થીઓની સંખ્યા જોઈ શકાય છે.

આમ નર્મદા જિલ્લાની ૨૦૦૧ની વસતિ પ્રમાણે કુલ આદિવાસી વસતિ ૪,૦૧,૬૫૪ જેટલી છે. આ વસતિના ધોરણે ૦.૨૮ ટકા તાલીમાર્થી તાલીમ મેળવી છે, જયારે ૩૦ ટકા યુવાનો પ્રમાણે ૧,૨૦,૪૯૬ જેટલા સામે ૦.૯૩ ટકા તાલીમની વ્યવસ્થા જોઈ શકાય છે. જે નહીંવત કહી શકાય.

વલસાડ :

વલસાડ જિલ્લામાં ૨૦૧૦-૧૧માં જુદા જુદા પ્રકારના ૩૧ તાલીમ વર્ગો જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, પ્રાયોજના કચેરી, તકેદારી અધિકારી, જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા તાલીમ આપતી એજન્સીઓ દ્વારા ચલાવેલા જોઈ શકાય છે. જેમાં ૨,૫૬૮ તાલીમાર્થીઓને જુદા જુદા પ્રકારની તાલીમ આપવામાં આવી છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, વલસાડ દ્વારા પશુપાલન અને નર્સરી એમ બે વર્ગો ચલાવેલા છે; જયારે જિલ્લા ખેતીવાડી અધિકારીએ ખેતી વિષયક વર્ગો ચલાવ્યા છે તે

સિવાય ખાસ ડુપ્લીકેશન નથી. જિલ્લા ગ્રામવિકાસ એજન્સી દ્વારા ચલાવેલ વર્ગોમાં તાલીમના સ્થળમાં વલસાડ જિલ્લાનો ઉલ્લેખ છે, જયારે તાલીમના સમયનો કોઈ ઉલ્લેખ દર્શાવવામાં આવ્યો નથી. પણ સિવણ વર્ગમાં સ્થળ અને ૧ માસનો સમય દર્શાવવામાં આવ્યો છે. ઉની ગાલીચાની તાલીમ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ચલાવવામાં આવી છે. જેમાં તાલીમના સ્થળ અને ૬ માસનો સમયગાળો દર્શાવવામાં આવ્યો છે; જયારે પ્રાયોજના કચેરી દ્વારા ચલાવેલ વર્ગોમાં જે બહારની એજન્સીઓએ વર્ગો ચલાવ્યા છે તેમાં સીપેડ અમદાવાદ, પેકનોલીક, ઈન્ફોનેટ, માઈક્રોબોશ, અમદાવાદ, આઈ.એમ.એમ બર્નીંગ રીસર્ચ પ્રા.લિ., મુંબઈ, એહ.એટ. એકશન ધરમપુરમાં તાલીમ સ્થળ દર્શાવ્યા નથી પણ તાલીમનો સમયગાળો અને તાલીમાર્થીઓની સંખ્યા દર્શાવાઈ છે. અગાઉ જોયું તેમ ૨૫૬૮ તાલીમાર્થીઓએ તાલીમ મેળવી છે તે જિલ્લાની વસતિ અને યુવાનોની સરખામણીએ ૦.૩ ટકા અને ૩૦ ટકા યુવાનોની સામે ૧.૧૦ ટકા જેટલી થાય છે. આમ આજનો યુવાન રોજગારી માટે પ્રયત્નશીલ છે પરંતુ તેની સામે વ્યવસાયલક્ષી તાલીમની ટકાવારી ઓછી હોય તો આદિવાસી વિકાસમાં સરકાર કે સમાજના ભરોસે કેટલો સમય લાગશે ?

ભરૂચ :

ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં જુદા જુદા ૨૩ પ્રકારના તાલીમ વર્ગો દ્વારા ૯૮૫ જેટલા તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને પ્રાયોજના કચેરી દ્વારા આ તાલીમ વર્ગો જુદી જુદી સહકારી / બિન સહકારી એજન્સીઓ દ્વારા ચલાવાયેલા છે; જેમાં શ્રીજી કેળવણી મંડળ, અમદાવાદ દ્વારા ગ્રામ પંચાયત મંત્રી (વર્ગ-૩) તથા જુનિયર કલાર્ક પરીક્ષા માટેની તાલીમ ચલાવવામાં આવી છે. જેની સંખ્યા ૧૦૦ તાલીમાર્થીઓની દર્શાવવામાં આવી છે. જેમાં તાલીમનું સ્થળ ભરૂચ દર્શાવેલ છે પણ સમય દર્શાવેલ નથી. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા જત શિક્ષણ સંસ્થાન, ભરૂચ દ્વારા જેલી બનાવટ, પનીર બનાવવા, પશુપાલન, વાંસકામ, ગુલકંદ બનાવટ, બાગાયત અને સિવણકામ જેવા ૭ વર્ગો ચલાવેલા દર્શાવ્યા છે. જેમાં તાલીમના સ્થળ તરીકે ભરૂચ જિલ્લો અને તાલીમાર્થીની સંખ્યા ટોટલ ૨૭૫ દર્શાવ્યા છે. પણ સમય દર્શાવેલ નથી. તે જ રીતે વિજય ભારતી સંસ્થા ઝઘડીયા દ્વારા સિવણની તાલીમમાં ૧૩૪ની સંખ્યા દર્શાવી છે પણ વર્ગો કે તાલીમના સ્થળની વિગતોમાં ફક્ત ભરૂચ દર્શાવ્યું છે. સમય ૬ માસ દર્શાવવામાં આવ્યો છે. ઉદ્યોગ કેન્દ્ર ભરૂચ દ્વારા કુટિર ઉદ્યોગ તાલીમ કેન્દ્ર દ્વારા પાંચ તાલીમ વર્ગો ચલાવેલા છે જેમાં પણ તાલીમનો સમય દર્શાવેલ નથી.

ભરૂચ જિલ્લાની કુલ આદિવાસી વસતિ ૪,૪૪,૦૪૩ - વર્ષ ૨૦૦૧ની આંકડાકીય માહિતી પ્રમાણે દર્શાવાઈ છે. તે પ્રમાણે ૦.૨૨ ટકા તાલીમાર્થીઓ થાય છે. જયારે ૩૦ ટકા યુવાનો પ્રમાણે ૧,૩૩,૨૧૨ જેટલી જોઈ શકાય છે, કે જેને તાલીમની ખાસ આવશ્યકતા કહી શકાય. તેના પ્રમાણમાં

૦.૭૪ ટકા જેટલી તાલીમ આપેલી ગણી શકાય. આમ તાલીમની જેને તાતી જરૂરિયાત છે તેમને માટે પણ એક ટકા કરતાં પણ ઓછી તાલીમની વ્યવસ્થા પૂરી પાડવામાં આવી રહેલી જોઈ શકાય છે.

સાબરકાંઠા :

સાબરકાંઠા જિલ્લામાં ૪૬ જેટલા તાલીમ વર્ગો વર્ષ ૨૦૧૦-૧૧માં કરવામાં આવ્યા છે. આ દ્વારા ૨,૨૪૫ જેટલા તાલીમાર્થીઓને વિવિધ પ્રકારની તાલીમ આપવામાં આવી છે. જેમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર બન્ને દ્વારા સિવણના વર્ગો આઈ.ટી.આઈ. મારફતે ચલાવેલા જોઈ શકાય છે. પ્રાયોજના કચેરી દ્વારા ચલાવેલ વર્ગોમાં તાલીમ સ્થળ દર્શાવવામાં આવ્યું નથી પણ તાલીમનો સમયગાળો અને તાલીમાર્થીની સંખ્યા દર્શાવવામાં આવી છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ૩ દિવસ અને ૬ દિવસના પશુપાલનના વર્ગો દર્શાવ્યા છે. જેમાં ૧૨૮ તાલીમાર્થી સંખ્યા દર્શાવાઈ છે. (બન્ને વર્ગોની) જેમાં તાલીમનું સ્થળ કે તાલીમ આપનાર એજન્સીનું નામ દર્શાવવામાં આવ્યું નથી.

વસતિ ગણતરી વર્ષ ૨૦૦૧ પ્રમાણે ૪,૨૦,૨૪૨ ની વસતિ આદિવાસીઓની દર્શાવાઈ છે. આ વસતિના ધોરણે ૦.૫૩ ટકા તાલીમાર્થી જોઈ શકાય છે, જયારે ૩૦ ટકા યુવાનો પ્રમાણે જોઈએ તો ૧,૨૬,૦૭૨ જેટલા યુવાનો ગણી શકાય કે જેની સામે માત્ર ૧.૭૮ ટકા જેટલા તાલીમાર્થીઓ જોઈ શકાય છે.

વડોદરા :

વડોદરા જિલ્લાના પ્રાયોજના વિસ્તારમાં વર્ષ ૨૦૧૦-૧૧માં ૧૨ તાલીમી વર્ગોની માહિતી ઉપલબ્ધ છે. જેના દ્વારા ૧૮૮૧ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી છે. પ્રાયોજના કચેરી મારફત જિ. વડોદરામાં મોટરડ્રાઈવીંગ અને અન્ય તાલીમ આપવામાં આવી છે. જેમાં ૩૨૨ તાલીમાર્થીઓની સંખ્યા દર્શાવી છે. જેમાં તાલીમનું સ્થળ કે સંખ્યા દર્શાવવામાં આવ્યાં નથી અને અન્ય તાલીમની વિગતો પણ દર્શાવિલ નથી. તેજ રીતે શ્રોફ ફાઉન્ડેશન ટ્રસ્ટ મુ.પો. કલાલી દ્વારા બી.પી.ઓ. તાલીમ ૨૭૪ ને આપવામાં આવી છે. જેમાં પણ તાલીમ વર્ગોની સંખ્યા, સ્થળ, કે તાલીમના સમયનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. દિપક ફાઉન્ડેશન ટ્રસ્ટ, દિપક ફાર્મા હાઉસ દ્વારા ગાર્ડનીંગ તાલીમ ૧૧૭ તાલીમાર્થીઓને આપવામાં આવી છે. તેમાં પણ તાલીમના વર્ગોની સંખ્યા, સ્થળ કે તાલીમના સમયનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. તકેદારી અધિકારી મારફત બરોડા પ્રોડકટીવીટી કાઉન્સિલ, વડોદરા દ્વારા પર્સનાલીટી ડેવલપમેન્ટ, ઈંગ્લીશ સ્પીકીંગ કોર્સ, ઈન્સ્ટીટયૂટ ટેકનોલોજીની સંસ્થા દ્વારા વારલી પેઈન્ટીંગ, નર્સરી ઉછેર, ગ્રાફટીંગ, વિવિધ કોમ્પ્યુટર ટ્રેનીંગ નિષ્ણાત દ્વારા (તાલુકા સ્થળે) કોમ્પ્યુટર તાલીમ આ દરેક તાલીમો આદર્શ નિવાસી શાળાઓ છોટાઉદેપુર, કડીપાણી, વડોદરા, જેતપુર પાવી, નસવાડી, કુમાર/કન્યાઓ કે જેઓ અભ્યાસ

કરે છે તેમને આપવામાં આવી છે. જેમાં સમય દર્શાવવામાં આવ્યો નથી. તાલીમાર્થીઓની સંખ્યા ૭૯૪ દર્શાવવામાં આવી છે.

વડોદરા જિલ્લાની આદિવાસી વસતિ ૯,૬૭,૩૯૩ જેટલી જોઈ શકાય છે. વસતિના ધોરણે ૦.૧૯ ટકા તાલીમાર્થીઓ કહી શકાય, જ્યારે ૩૦ ટકા યુવાનોની સંખ્યા પ્રમાણે ૦.૬૪ ટકા તાલીમાર્થીઓની સંખ્યા કહી શકાય. આમ તાલીમનું પ્રમાણ વધારી સ્વરોજગારી તરફ વાળવા માટે સઘન તાલીમ કાર્યક્રમો ચલાવવા જોઈએ.

દાહોદ :

આદિવાસી જિલ્લા તરીકે ગણના થયેલ દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં પ્રાયોજના કચેરી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને તકેદારી કચેરી મારફત ૮૫ જેટલા તાલીમ વર્ગો ચલાવવામાં આવ્યા છે. જે કદાચ ગુજરાતમાં એક વર્ષના તાલીમ વર્ગોની સંખ્યામાં પ્રથમક્રમે હશે. દાહોદ જિલ્લામાં ચાલતી આઈ.ટી.આઈ. દ્વારા દરેક તાલુકા મથકે ૩ માસ અને ૬ માસના તાલીમ વર્ગો ચલાવેલા જોઈ શકાય છે. જ્યારે ''સહજ'' સંસ્થા, પડાવદશર આદર્શ નિવાસી શાળા, લો-લીમેચી શાળામાં ભણતા બાળકોને ફર્નિચર, બંબુવુડન, બીડવર્કસ, એમ્બ્રોયડરી, સ્ક્રીન પ્રિન્ટીંગ, હસ્તકલા જેવા ૭૦ કલાકના વર્ગો ચલાવેલા જોઈ શકાય છે. જ્યારે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ઉની ગાલીચાના વર્ગો ૬ માસના ચલાવેલા જોઈ શકાય છે. જિલ્લા પંચાયત કચેરી દ્વારા મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી વિભાગ, (સહકારી શાખા) દ્વારા બે સિવણ વર્ગ ૧ વર્ષના કોર્સવાળા ચલાવેલ જોઈ શકાય છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ''સીયેટ'' અમદાવાદ, ઈન્ડો-જર્મન ટુલ રૂમ જ્યારે ''ગોએક'' દ્વારા કોમ્પ્યુટરની સી.સી.સી. લેવલ તાલીમવર્ગો દાહોદના દરેક તાલુકામાં ૧ વર્ષના ચલાવેલા જોઈ શકાય છે. એ જ સંસ્થા દ્વારા વી.સી.એ. નો ડેટા એન્ટ્રીનો ૩ માસનો કોર્સ દરેક તાલુકા લેવલે ચલાવેલ જોઈ શકાય છે.

ડી.આર.ડી.એ દ્વારા શિવશક્તિ ડ્રાઈવીંગ ટ્રેનિંગ સ્કૂલ દ્વારા ૧ વર્ષનો કોર્સ કરેલો છે. આઈ.ટી.આઈ. દ્વારા વાયરમેનના ૩ માસના કોર્સ લગભગ દરેક તાલુકા લેવલે ચલાવેલા છે. આમ કુલ ૫,૦૨૨ તાલીમાર્થીઓને વિવિધ પ્રકારની તાલીમ આપવામાં આવેલી જોઈ શકાય છે.

આપણે જાણીએ છીએ તેમ દાહોદ જિલ્લામાંથી આદિવાસીઓનું સૌથી વધુ સ્થળાંતર થતું હોય છે. આ સ્થળાંતર રોકવા તથા સ્થાનિક સ્તરે રોજગારીની તકો પૂરી પાડવા માટે વિવિધ પ્રકારની તાલીમ દ્વારા રોજગારી પેદા કરવાના આ પ્રયત્નમાં કેટલા સફળ થયા તેતો સમય જ બતાવશે. જિલ્લાની કુલ

વસતિમાં ૭૨.૨૬ ટકા આદિવાસી વસતિ ધરાવતા આ જિલ્લામાં વસતિના ધોરણે ૦.૪૨ ટકા તાલીમાર્થીઓએ તાલીમ મેળવેલી જોઈ શકાય છે, જયારે ૩૦ ટકા યુવાનોને ગણીએ તો ૩,૫૪,૭૫૨ યુવાનોની સરખામણીએ ૧.૪૧ ટકાને તાલીમ મળેલી ગણી શકાય; જે પ્રમાણ ઓછું કહી શકાય. વળી આ તાલીમથી કેટલાએ રોજગારી મેળવી અથવા કેટલાને લાભ થયો તે તો જુદા જ અભ્યાસનો વિષય છે.

પંચમહાલ :

પંચમહાલ જિલ્લામાં કુલ વસતિના ધોરણે ૨૭.૪૫ ટકા આદિવાસી વસતિ જોઈ શકાય છે. પંચમહાલ જિલ્લા દ્વારા યુવાનોને સ્વાવલંબન સાથે ભવિષ્યની કેરિયર બને તે માટે વિવિધ પ્રકારની તાલીમ દ્વારા કાર્યક્રમો ચાલી રહ્યા છે તેમાં વર્ષ ૨૦૧૦-૧૧માં ૨૨ તાલીમ વર્ગો દ્વારા ૩,૭૮૨ તાલીમાર્થીઓને પ્રાયોજના કચેરી, તકેદારી કચેરી, રોજગાર કચેરી, ડી.આર.ડી.એ. દ્વારા તાલીમ વર્ગો તેમજ અન્ય સંસ્થાઓ મારફત તાલીમ વર્ગો ચલાવેલા જોઈ શકાય છે. આમાં તાલીમ વર્ગોની સંખ્યામાં વધારો થઈ શકે; પણ જે સંસ્થાઓ દ્વારા તાલીમ વર્ગો ચલાવાયા છે તેમણે તાલીમાર્થીઓની કુલ સંખ્યા આપી છે, પરંતુ વર્ગની સંખ્યા આપી નથી. દા.ત. ડી.આર.ડી.એ. દ્વારા પશુપાલનની ૭ દિવસની તાલીમ બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન, બેન્ક ઓફ બરોડા, ગોધરા દ્વારા ૧,૭૯૯ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી છે. ખેતીની તાલીમમાં ૮૯, ટેલરીંગ ૧ માસ તાલીમ સમયમાં, ૯૦ તાલીમાર્થીઓ, મોટર ડ્રાઈવીંગમાં ૬૪, એબ્રોયડરીમાં ૪૦૬ તાલીમાર્થી દર્શાવ્યા છે. તાલીમના સ્થળ તરીકે ગોધરા જયારે ખેતી, પશુપાલન સિવાયની તાલીમનો સમય ૧ માસ દર્શાવેલ છે. આઈ.સી.એ. ઈન્ફોટેક અમદાવાદ દ્વારા ઈન્ડસ્ટ્રીયલ એકાઉન્ટ પ્લસની તાલીમમાં ૨૩૭ તાલીમાર્થીઓની સંખ્યા દર્શાવી છે. જે તાલીમનો સમય ૬ માસ છે, જયારે સ્થળ અમદાવાદ છે. જયારે એઈટ એટ એકશન દ્વારા નર્સીંગ, ટેલરીંગ, મોબાઈલ રીપેરીંગ, બ્યુટીપાર્લર, સેલ્સ એન્ડ રિટેલીંગના ૬ માસના વર્ગો ચલાવ્યા છે. જેમાં ૧૫૦ તાલીમાર્થીની સંખ્યા દર્શાવી છે પણ તાલીમ સ્થળ દર્શાવેલ નથી. આમ પંચમહાલ જિલ્લામાં પ્રાયોજના કચેરી દ્વારા ચાલેલ વર્ગો ડી.આર.ડી.એ. કચેરી દ્વારા ચાલેલ વર્ગોમાં ડુપ્લીકેશન થયેલું જોઈ શકાય છે.

વસતિના ધોરણે ૦.૬૮ ટકા તાલીમાર્થીઓ જોઈ શકાય છે, જયારે ૩૦ ટકા યુવાનોના ધોરણે ૧.૦૬ ટકા તાલીમાર્થીઓ જોઈ શકાયા હતા.

બનાસકાંઠા - પાલનપુર :

બનાસકાંઠામાં ૨૯ જેટલા તાલીમ વર્ગો વર્ષ ૨૦૧૦-૧૧માં ચલાવેલા જોઈ શકાય છે. જે પ્રાયોજના કચેરી, તકેદારી કચેરી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને ડી.આર.ડી.એ. દ્વારા ચલાવેલા જોઈ શકાય છે. પ્રાયોજના

કચેરી દ્વારા ''પ્રક્ષાવધ'' અને એ.સી.ટી. સંસ્થાઓ દ્વારા ચાલેલ વર્ગોમાં તાલીમનું સ્થળ કે તાલીમનો સમય દર્શાવેલ નથી, તેમજ તાલીમાર્થીઓની સંખ્યા દર્શાવેલ નથી. પાલનપુરના બાકીના તાલીમ વર્ગોમાં તાલીમનું સ્થળ અને તાલીમનો સમય દર્શાવવામાં આવ્યાં છે. જેમાં ૧ દિવસથી લઈ બે માસ સુધીના તાલીમ વર્ગો જોઈ શકાય છે. એક દિવસની તાલીમમાં વર્મીકોમ્પોસ્ટ, સ્વ-સહાયજૂથ, પશુપાલનની તાલીમનો સમાવેશ થાય છે. માટીકામ અને ફલાવર મેકીંગ, સિવણ, જેવા વર્ગો ૨ માસ સુધી ચાલેલા જોઈ શકાયા હતા. આમ ૨૯ વર્ગો દ્વારા ૧,૪૯૦ તાલીમાર્થીઓને તાલીમ આપેલી જોઈ શકાઈ હતી.

સુરત :

સૂરત જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં ફક્ત ૧૧ તાલીમી વર્ગો ચલાવેલા જોઈ શકાય છે. જિલ્લા ઉછેર કેન્દ્ર અને પ્રાયોજના કચેરી દ્વારા ચલાવવામાં આવેલા વર્ગો જોઈ શકાય છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ચાલેલ ચાર વર્ગો કુટિર ઉદ્યોગ કેન્દ્ર, ઓલપાડ અને માંડવી દ્વારા ચલાવેલ છે. જયારે પ્રાયોજના કચેરી દ્વારા ચાલેલ ૭ વર્ગો કોની મારફત આ વર્ગો ચલાવ્યા છે તે સંસ્થાનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી પણ તાલીમના સ્થળ ઉપરથી જોઈ શકાય છે કે દરેક તાલીમ વર્ગો રેસીડેન્સી સ્કૂલમાં કરવામાં આવ્યા હોવા જોઈએ; કારણ કે જે તાલીમ આપવામાં આવી છે તેમાં પણ કૌશલ્ય વર્ધક ટ્રેનિંગ, વારલી પેઈન્ટીંગ નો સમાવેશ થાય છે. કોઈપણ તાલીમ વર્ગોમાં તાલીમના સમયનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આ તાલીમ વર્ગોમાં ૬૭૭ તાલીમાર્થીઓએ તાલીમ મેળવી છે. સુરતમાંથી તાપી જિલ્લો અલગ થવાથી વધારે પ્રમાણમાં આદિવાસી વસતિ ધરાવતા તાલુકા સોનગઢ, વ્યારા, વાલોડ, નિઝર, તાપી જિલ્લામાં સમાવવામાં આવ્યા છે. તાપી જિલ્લાની વસતિ બાદ કરતાં સુરત જિલ્લામાં આદિવાસી વસતિ ૨૦૦૧ની વસતિ ગણત્રી પ્રમાણે ૭,૬૧,૬૦૮ જેટલી જોઈ શકાય છે. આમ વસતિના ધોરણે ૦.૦૮ ટકા તાલીમાર્થીઓ કહી શકાય જે પ્રમાણ નહીંવત્ કહેવાય. ૩૦ ટકા યુવાનોની વસતિના ધોરણે જોઈએ તો ૨,૨૮,૪૮૨ જેટલા યુવાનો થાય તે સરખામણીએ ૦.૨૯ ટકા તાલીમાર્થીઓની સંખ્યા કહી શકાય. આમ સુરત જિલ્લાની કક્ષાએ તાલીમ માટે નબળી સ્થિતિ કહી શકાય.

નવસારી :

વર્ષ ૨૦૧૦-૧૧માં ૪૪ જેટલા તાલીમ વર્ગો ચલાવવામાં આવ્યા છે. આ તાલીમ વર્ગો દ્વારા ૨,૭૧૪ તાલીમાર્થીઓને વિવિધ પ્રકારની તાલીમ આપવામાં આવી છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ૧૮, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન દ્વારા અલગ અલગ ૩૭ પ્રોગ્રામ દ્વારા તાલીમ નસવાડી જિલ્લાના ગામોમાં આપવામાં આવી છે પરંતુ તેમાં સમય કે ગામોના નામ કે ૩૦ તાલીમ

પ્રોગ્રામના નામ દર્શાવેલ નથી. નવસારી તકેદારી કચેરી દ્વારા-૨, રોજગાર કચેરી દ્વારા-૩, પ્રાયોજના કચેરી દ્વારા ૨૦ તાલીમ વર્ગો ચલાવવામાં આવ્યા છે. નવસારી જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા શ્રી સિધ્ધ વિનાયક રૂરલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ દ્વારા લેધર રેકઝીનમાંથી ચીજવસ્તુઓ બનાવવાની તાલીમમાં તાલીમના સ્થળ, તાલીમનો સમય અને તાલીમાર્થીઓની સંખ્યા દર્શાવવામાં આવી છે. જયારે ૩નીગાલીચા તાલીમ વર્ગો ૯ ચલાવવામાં આવ્યા છે. જેમાં સ્થળ દર્શાવેલ છે પણ તાલીમનો સમય કે સંખ્યા દર્શાવવામાં આવી નથી. તે જ રીતે તકેદારી કચેરી દ્વારા ચલાવેલ વારલી પેઈન્ટીંગના વર્ગોના તાલીમ કેન્દ્રોમાં નિવાસી શાળાઓ દર્શાવી છે. પણ સમય દર્શાવ્યો નથી. સંખ્યા ૨૪૦ની દર્શાવાઈ છે. પ્રાયોજના કચેરી દ્વારા ચાલેલ વર્ગોમાં કેટલાકમાં તાલીમ સ્થળ દર્શાવ્યા છે. કેટલાકમાં દર્શાવ્યા નથી. તાલીમનો સમય દર્શાવવામાં આવ્યો નથી. ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ચલાવેલ કોમ્પ્યુટર તાલીમ વર્ગો આચાર્યશ્રી દેવાંશી ઈન્ફોટેક, ચીખલી દ્વારા ચલાવવામાં આવ્યા છે.જેમાં સમય ૨ માસ, ૩ માસ અને તાલીમાર્થી સંખ્યા દર્શાવાઈ છે પણ તાલીમ સ્થળ દર્શાવેલ નથી. નવસારી જિલ્લામાં ૨૦૦૧ની વસતિ ગણતરી પ્રમાણે ૫,૯૧,૧૬૪ આદિવાસી વસતિ દર્શાવેલ છે. આ વસતિના ધોરણે ૦.૪૫ ટકા તાલીમાર્થીઓ થાય જયારે ૩૦ ટકા યુવાનોની સરખામણીએ જોઈએ તો આ તાલીમ ૧.૫૩ ટકા જેટલી જોઈ શકાય છે. આમ અન્ય જિલ્લાના તાલીમ કાર્યક્રમની સરખામણીએ આ તાલીમ કાર્યક્રમ કંઈક અંશે સારો કહી શકાય.

ડાંગ :

ડાંગ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં ૧૩ તાલીમ વર્ગો ચલાવવામાં આવ્યા છે. જેમાં પ્રાયોજના કચેરી દ્વારા બે, સમાજ કલ્યાણ કચેરી દ્વારા ૧૦, રોજગાર કચેરી દ્વારા-૧ તાલીમ વર્ગો ચલાવવામાં આવ્યા અને ૫૦૧ તાલીમાર્થી સંખ્યા દર્શાવવામાં આવી છે. અન્ય સરકારી એજન્સીઓ દ્વારા જો વર્ગો ચલાવવામાં આવ્યા હોય તો તેની માહિતી ઉપલબ્ધ નથી. ડાંગની કુલ વસતિ ૧,૭૫,૦૭૯ની ૨૦૦૧ માં જોઈ શકાય છે. આ વસતિના ધોરણે ૦.૨૮ ટકા જેટલા તાલીમાર્થીઓ થાય છે, જયારે ૩૦ ટકા યુવાનોની સરખામણીએ આ તાલીમ ૦.૯૫ ટકા જેટલી કહી શકાય. આમ ડાંગમાં પણ સ્થળાંતરની સમસ્યા છે. સાથે સાથે જંગલ અને પર્વતીય વિસ્તાર હોવાને નાતે સ્થાનિક રોજગારી ઊભી થાય તેમજ સ્થાનિક સંસાધનોનો ઉપયોગ થાય તેવા કાર્યક્રમો મુકવા જોઈએ તેમ સૂચન કરી શકાય. કમભાગ્યે આવું કંઈ થઈ શક્યું નથી.

વર્ષ અને જિલ્લાવાર તાલીમના પ્રકાર :

વર્ષ અને જિલ્લાવાર તાલીમના પ્રકાર જોઈશું તો સ્પષ્ટ ખ્યાલ આવી શકશે કે વર્ષ દરમ્યાન જિલ્લામાં કેવા પ્રકારના તાલીમ વર્ગો ચલાવ્યા છે. વર્ષ ૨૦૦૮-૦૯માં આદિવાસી બહુ વસતિ ધરાવતા ૧૨ જિલ્લામાં ૧૦૧ પ્રકારના ટ્રેડ ચલાવવામાં આવ્યા છે. જેમાં સૌથી ઓછા ટ્રેડ વલસાડ જિલ્લામાં જોઈ શકાય છે. ત્રીજા ક્રમે સાબરકાંઠા અને ભરૂચ જિલ્લામાં જોઈ શકાય છે. પાંચ જિલ્લા એવા છે કે જેમાં ૧૪ પ્રકારના ટ્રેડની તાલીમ આપવામાં આવી છે. આ સંબંધિત માત્ર તાલીમના ટ્રેડ દર્શાવવામાં આવ્યા છે. તાલીમ વર્ગોની સંખ્યા દર્શાવવામાં આવી નથી. વળી કોમ્પ્યુટરને લગતી વિવિધ નવ પ્રકારની તાલીમનાં નામો જોઈ શકાય છે. જેના કારણે તાલીમ ટ્રેડની સંખ્યા વધેલી જોઈ શકાય છે.

તે જ રીતે વર્ષ ૨૦૦૯-૧૦માં બાર જિલ્લામાં ૯૦ પ્રકારના વિવિધ ટ્રેડ દ્વારા ૧૫૭ તાલીમ વર્ગો યોજાયેલા જોઈ શકાય છે જે વર્ષ ૨૦૦૮-૦૯ની સરખામણીએ ઓછા કહી શકાય તેવું ચિત્ર ઉપસે છે. સૌથી ઓછા ટ્રેડની તાલીમ તાપી જિલ્લામાં ફક્ત ૪ પ્રકારના ટ્રેડની તાલીમ જોઈ શકાય છે, જ્યારે સૌથી વધુ દાહોદ જિલ્લામાં ૩૦ પ્રકારના ટ્રેડની તાલીમ જોઈ શકાય છે. બીજા ક્રમે વલસાડ જિલ્લામાં ૨૩ પ્રકારના ટ્રેડની તાલીમ જોઈ શકાય છે. પાંચ જિલ્લા એવા છે જેમાં દસથી વધુ ટ્રેડની તાલીમ આપવામાં આવી છે, જ્યારે ચાર જિલ્લામાં દસ અને તેથી ઓછા ટ્રેડની તાલીમ આપેલી જોઈ શકાય છે.

વર્ષ ૨૦૧૦-૧૧માં ૧૧૪ પ્રકારના વિવિધ ટ્રેડ દ્વારા ૨૨૩ ટ્રેડની તાલીમના વર્ગો યોજાયેલા જોઈ શકાય છે. આમ આગળના બન્ને વર્ષની સરખામણીએ તાલીમ ટ્રેડની સંખ્યામાં વધારો ખાસ્સો જોઈ શકાય છે. સૌથી વધુ ૨૯ પ્રકારના ટ્રેડની તાલીમ સાબરકાંઠા જિલ્લામાં જોઈ શકાય છે. બીજા નંબરે ૨૮ તાલીમી ટ્રેડ સાથે દાહોદ, ત્રીજા ક્રમે ૨૩ ટ્રેડ સાથે નવસારી જોઈ શકાય છે. ૨૦ ટ્રેડની તાલીમ ચલાવી હોય તેવા બે જિલ્લા પંચમહાલ અને ભરૂચ જોઈ શકાય છે. સૌથી ઓછા ટ્રેડની તાલીમ ૯ તાપી અને સુરતમાં જોઈ શકાય છે. જ્યારે બાકીના જિલ્લાઓમાં ૧૦ થી ઉપર અને ૨૦ થી ઓછા ટ્રેડ જોઈ શકાય છે.

આ ટ્રેડવાર તાલીમ વ્યવસ્થા જોતાં જોઈ શકાય છે કે તાલીમ ટ્રેડ કે તાલીમ વર્ગો માટે કોઈ નિશ્ચિત માર્ગદર્શિકા રૂપ ગાઈડ લાઈન તૈયાર નથી. તાલીમમાં ક્યાંય પણ એક સૂત્રતા જોઈ શકાતી નથી. દરેક જિલ્લામાં દર વર્ષે ટ્રેડની સંખ્યામાં વધઘટ જોઈ શકાય છે. આનો અર્થ એવો નથી કે જે ટ્રેડ ચાલુ કર્યો તે ટ્રેડ દર વર્ષ ચાલુ રાખવો પણ તેના પરિણામે ટ્રેડની માંગ અને વસતિના ધોરણે આમાં સતત વધઘટ થતી રહે તે સ્વાભાવિક જોઈ શકાય છે. તાપી, નવસારી જેવા નવા જિલ્લામાં ઉત્તરોત્તર ટ્રેડમાં વધારો જોઈ શકાય છે. તે દર્શાવે છે કે માંગ પ્રમાણે ટ્રેડની સંખ્યામાં વધઘટ થઈ શકે છે. ૨૦૦૮-૦૯માં જે ૧૦૧ ટ્રેડની તાલીમ અપાતી હતી તે ૨૦૦૯-૧૦માં ૯૦ ટ્રેડની જોઈ શકાઈ હતી, જ્યારે ૨૦૧૦-૧૧માં ૧૦૪ પ્રકારની જોઈ શકાઈ હતી. આમ દરેક વર્ષે તાલીમી ટ્રેડમાં વધઘટ જોઈ શકાય છે.

વર્ષ અને જિલ્લાવાર તાલીમના પ્રકાર

૨૦૦૮-૦૯

ક્રમ	તાલીમ	ડાંગ	તાપી	દાહોદ	નર્મદા	નવસારી	પંચ-મહાલ	બનાસ-કાંઠા	ભરૂચ	વડોદરા	વલસાડ	સાબર-કાંઠા	સુરત
૧.	અકીકનાપથ્થરમાંથી ચીજસ્તુઓ								✓				
૨.	આર્ટીફીશીયલ જ્વેલરી										✓		
૩.	કડિયાકામ	✓	✓	✓	✓			✓	✓		✓	✓	
૪.	આર્મેચર મોટર રિવાઈન્ડીંગ											✓	
૫.	આંબા કલમ નર્સરી										✓		
૬.	ઈંટ ભઠ્ઠા										✓		
૭.	ઈમીટેશન/સીલ્વર જ્વેલરી		✓										
૮.	ઈમીટેશન જ્વેલરી										✓		
૯.	ઈલે.,હોમ. એમ્પ્લાયન્સીસ			✓									
૧૦.	ઈલેકટ્રિશિયન											✓	
૧૧.	ઉની ગાલીચા			✓		✓	✓		✓		✓		
૧૨.	એમ્બ્રોઈડરી		✓										
૧૩.	ઓટો રિપેરીંગ								✓			✓	✓
૧૪.	ઓફીસબોય/હાઉસકીપીંગ, વેલ્ડીંગ								✓				
૧૫.	કર્મકાંડ										✓		
૧૬.	કેટરીંગ										✓		
૧૭.	કેટરીંગ એન્ડ ફુડ			✓									
૧૮.	કોચીંગ કમ ગાઈડન્સ	✓			✓		✓		✓				
૧૯.	કોમ્પ્યુટર /નામાપદ્ધતિ			✓				✓		✓	✓	✓	
૨૦.	કોમ્પ્યુટર ડી.ટી.પી.								✓	✓			

વર્ષ અને જિલ્લાવાર તાલીમના પ્રકાર

૨૦૦૮-૦૯

ક્રમ	તાલીમ	ડાંગ	તાપી	દાહોદ	નર્મદા	નવસારી	પંચ-મહાલ	બનાસ-કાંઠા	ભરૂચ	વડોદરા	વલસાડ	સાબર-કાંઠા	સુરત
૨૧.	કોમ્પ્યુટર બેઝીક							✓			✓	✓	
૨૨.	કોમ્પ્યુટર સી.સી.સી.	✓		✓									
૨૩.	કોમ્પ્યુટર સોફ્ટવેર								✓				
૨૪.	કોમ્પ્યુટર સ્કીલ ડેવલપમેન્ટ					✓							
૨૫.	કોમ્પ્યુટર હાર્ડવેર								✓				
૨૬.	કોમ્પ્યુટર હાર્ડવેર અને નેટવર્કીંગ		✓										
૨૭.	કોમ્પ્યુટર / ડીજીટલ ફોટોગ્રાફી						✓						
૨૮.	ખેતીવિષયક										✓		
૨૯.	ગ્રામ ટ્રેનીંગ				✓								
૩૦.	ચિત્રલેખા ગૃપની માર્કેટીંગ						✓						
૩૧.	જ્વેલરી										✓		
૩૨.	જ્વેલર્સ મેડલ											✓	
૩૩.	ટુ-વ્હીલર રીપેરીંગ મોટર ડ્રાઈવીંગ							✓			✓		
૩૪.	ડૉ. ઓફ.નેચરોપેથી						✓						
૩૫.	નારીયેળ છાલમાથી રમકડાં											✓	
૩૬.	પરીક્ષા જી.પી.એસ.સી.ની તૈયારી								✓				
૩૭.	પરીક્ષા લક્ષી બોર્ડની તાલીમ							✓					
૩૮.	પરીક્ષા સ્ટાફસિલેકસન કમિશન						✓						
૩૯.	પી.સી.એન્ડ પેરીફેશીયલ રીપેર્સ							✓			✓	✓	
૪૦.	પૂર્વપોલીસ એસ.આર.પી.સિકયુરીટી		✓	✓			✓	✓				✓	

વર્ષ અને જિલ્લાવાર તાલીમના પ્રકાર

૨૦૦૮-૦૯

ક્રમ	તાલીમ	ડાંગ	તાપી	દાહોદ	નર્મદા	નવસારી	પંચ-મહાલ	બનાસ-કાંઠા	ભરૂચ	વડોદરા	વલસાડ	સાબર-કાંઠા	સુરત
૪૧.	પેશન્ટ એટેન્ટશન	✓											
૪૨.	પોલીસ (રક્ષક) સિકયુરીટી તાલીમ				✓								
૪૩.	પોસ્ટ ડિપ્લોમા ઈન એડવાન્સ										✓		
૪૪.	પ્લમ્બર		✓				✓				✓		
૪૫.	પ્લમ્બીંગ એન્ડ સેનીટેશન ટીવી/								✓				
૪૬.	પ્લાસ્ટીક પ્રોસેસીંગ			✓							✓		
૪૭.	ફાયરમેન અને સેફટીસિકયુરીટી		✓				✓					✓	
૪૮.	ફીટર								✓			✓	
૪૯.	ફોટોગ્રાફર								✓		✓		
૫૦.	બામ્બુ વુડન ફર્નિચર			✓									
૫૧.	બિલ્ડીંગ મટીરીયલ ટ્રેનીંગ				✓								
૫૨.	બીઓપી											✓	
૫૩.	બ્યુટીપાર્લર		✓							✓	✓		
૫૪.	ભરત ગુંથણ અને મોતીકામ												
૫૫.	ભરત ગુંથણ ને સિવણ				✓					✓			
૫૬.	માટીકામ								✓				
૫૭.	મીલીટરી તાલીમ									✓			
૫૮.	મોટર ડ્રાઈવીંગ / લાઈટ/હેવી	✓	✓		✓			✓	✓	✓	✓	✓	
૫૯.	મોટર મીકેનિક			✓							✓		
૬૦.	મોતીકામ/ ભરત ગૂંથણ		✓										

ક્રમ	તાલીમ	ડાંગ	તાપી	દાહોદ	નર્મદા	નવસારી	પંચ-મહાલ	બનાસ-કાંઠા	ભરૂચ	વડોદરા	વલસાડ	સાબર-કાંઠા	સુરત
૬૨.	મોતીનાં ઘરેણા તથા વાંસની ચીજો						✓					✓	
૬૩.	મોતીના ઘરેણા, પીઠોરા ચિત્રકામ						✓						
૬૪.	મોબાઈલ રીપેરીંગ								✓	✓	✓		
૬૫.	રીલેશનશીપ એકઝીકયુટીવ								✓				
૬૬.	રેડીમેડ ગારમેન્ટ											✓	
૬૭.	લઘુ ઉદ્યોગ				✓								
૬૮.	લશ્કરી દળ તથા પોલીસ તાલીમ				✓								
૬૯.	લેધર વર્કની તાલીમ									✓			
૭૦.	લેડીઝ ફેન્સી આઈટમ બનાવટ									✓			
૭૧.	લેધર રેકઝીનમાંથી આર્ટીકલ					✓							
૭૨.	વર્મી કોમ્પોસ્ટ				✓								
૭૩.	વાયરમેન/મોટર રીવાઈન્ડીગ			✓			✓		✓			✓	✓
૭૪.	વારલી પેઈન્ટીંગ										✓		
૭૫.	વાંસ હસ્તકલા	✓											
૭૬.	વાંસકામ										✓		
૭૭.	વિડીયો શુટીંગ/ફોટોગ્રાફી								✓		✓		
૭૮.	વેલ્ડીંગ						✓		✓				✓
૭૯.	વ્યવસાયલક્ષી તાલીમ				✓								
૮૦.	સાબુ તથા ડીટરજન્ટ પાઉડર									✓			
૮૧.	સિક્યોરીટી								✓				

વર્ષ અને જિલ્લાવાર તાલીમના પ્રકાર

૨૦૦૮-૦૯

ક્રમ	તાલીમ	ડાંગ	તાપી	દાહોદ	નર્મદા	નવસારી	પંચ-મહાલ	બનાસ-કાંઠા	ભરૂચ	વડોદરા	વલસાડ	સાબર-કાંઠા	સુરત
૮૨.	સિવણ		✓	✓	✓				✓	✓	✓	✓	
૮૩.	સી.આર.એમ/એફ.એસ.એમ.							✓					
૮૪.	સી.એન.સી. મશીનિસ્ટ ફાઉન્ડેશન		✓	✓	✓		✓	✓	✓		✓		
૮૫.	સી.જી.સી.										✓		
૮૬.	સુથારીકામ		✓							✓	✓		
૮૭.	સુઇંગ મશીનરી ઓપરેટર	✓											
૮૮.	સ્કોપ અંગ્રેજી/સ્કોપ વીથ ડેસ્ટોપ							✓	✓		✓		
૮૯.	સ્વ સહાય જૂથ							✓					
૯૦.	સ્વરોજગારની તાલીમ							✓					
૯૧.	હસ્તકલા			✓									
૯૨.	હીરા ઘસવા				✓								
૯૩.	હેન્ડપંપ રીપેરીંગ											✓	
૯૪.	હોટલ મેનેજમેન્ટ							✓					
૯૫.	હોમ એપલાઈન્સીસમેન્ટ									✓			
૯૬.	હોસ્પીટાલીટી મેનેજમેન્ટ									✓			
૯૭.	હોસ્પીટાલીટી-કમ-હોટલ મેનેજમેન્ટ								✓				
	કુલ	૭	૧૪	૧૯	૧૪	૩	૧૪	૧૪	૨૦	૧૪	૩૦	૨૧	૩

વર્ષ અને જિલ્લાવાર તાલીમના પ્રકાર

૨૦૦૯-૧૦

ક્રમ	તાલીમના પ્રકાર	ડાંગ	તાપી	દાહોદ	નર્મદા	નવસારી	પંચ-મહાલ	બનાસ-કાંઠા	ભરૂચ	વડોદરા	વલસાડ	સાબર-કાંઠા	સુરત
૧.	અગરબત્તી તાલીમ	✓											
૨.	આર્ટીફિશીયલ										✓		
૩.	આર્મેચર મોટર રિવાઈન્ડીંગ											✓	
૪.	ઈંટ ભઠ્ઠા										✓		
૫.	એન્ટરપ્રાઈઝ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ				✓								
૬.	ઈમીટેસન જવેલરી મેકીંગ					✓							
૭.	ઈલે.હોમ. એમ્પ્લાયસીસ			✓									
૮.	ઈલેકટ્રિશિયન											✓	
૯.	ઈલે.મોટર રીપેરીંગ										✓		
૧૦.	ઉની ગાલીચા	✓		✓		✓	✓						
૧૧.	એકાઉન્ટીંગ વીથ ટેલી સોફટવેર			✓	✓								
૧૨.	એમ.ઈ.એસ.તાલીમ					✓							
૧૩.	એમ્બ્રોયડરી			✓							✓		✓
૧૪.	એસી. ફીઝ રીપેરીંગ							✓					
૧૫.	ઓટો રીપેરીંગ	✓							✓		✓	✓	✓
૧૬.	કડિયાકામ	✓		✓	✓			✓			✓		
૧૭.	કન્ઝય ઈલે.											✓	
૧૮.	કર્મકાંડ										✓		
૧૯.	કીચન ગાર્ડનીંગ/ફલાવર્સ પોસ્ટ પેઈન્ટીંગ									✓			
૨૦.	કેટરીંગ										✓		

વર્ષ અને જિલ્લાવાર તાલીમના પ્રકાર

૨૦૦૯-૧૦

ક્રમ	તાલીમના પ્રકાર	ડાંગ	તાપી	દાહોદ	નર્મદા	નવસારી	પંચ-મહાલ	બનાસ-કાંઠા	ભરૂચ	વડોદરા	વલસાડ	સાબર-કાંઠા	સુરત
૨૧.	કોચીંગ કમ-ગાઈડન્સ	✓		✓	✓		✓		✓				
૨૨.	કોમ્પ્યુટર			✓	✓		✓	✓			✓		
૨૩.	કોમ્પ્યુટર ડી.ટી.પી.								✓	✓		✓	
૨૪.	કોમ્પ્યુટર નેટવર્ક			✓									
૨૫.	કોમ્પ્યુટર ટીચર ટ્રેનીંગ સર્ટીફીકેટ કોર્ષ					✓							
૨૬.	કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી ઓપરેટર			✓									
૨૭.	કોમ્પ્યુટર નેટવર્ક ટેકનીશિયન			✓									
૨૮.	કોમ્પ્યુટર સર્ટીફીકેટ કોર્ષ ઈન સોફટવેર પ્રોગ્રામ					✓							
૨૯.	કોમ્પ્યુટર સી.સી.સી.	✓											
૩૦.	કોમ્પ્યુટર સ્કીલ ડેવલોપમેન્ટ					✓							
૩૧.	કોમ્પ્યુટર હાર્ડવેર							✓					
૩૨.	કોમ્પ્યુટર હાર્ડવેર અને નેટવર્કીંગ				✓	✓			✓				✓
૩૩.	ખેતી વિષયક										✓		
૩૪.	ગારમેન્ટ સ્ટીચીંગ		✓			✓							
૩૫.	ગુલાબ વાડી												✓
૩૬.	ટુ વ્હીલર રીપેરીંગ			✓	✓			✓			✓		
૩૭.	દડિયા બનાવવા										✓		
૩૮.	નર્સીંગ												✓
૩૯.	નર્સીંગ હેલ્પર્સ ફોર હોસ્પીટલ								✓				

વર્ષ અને જિલ્લાવાર તાલીમના પ્રકાર

૨૦૦૯-૧૦

ક્રમ	તાલીમના પ્રકાર	ડાંગ	તાપી	દાહોદ	નર્મદા	નવસારી	પંચ-મહાલ	બનાસ-કાંઠા	ભરૂચ	વડોદરા	વલસાડ	સાબર-કાંઠા	સુરત
૪૦.	પતંગ ફીરકી			✓									
૪૧.	પર્સનાલીટી ડેવલપમેન્ટ ઈંગ્લીશ સ્પીકીંગ									✓			
૪૨.	પીઠોરા						✓						
૪૩.	પૂર્વ પોલીસ એસ.આર.પી. સિક્યુરીટી/ લશ્કરી ગાર્ડ		✓	✓			✓			✓			
૪૪.	પેપર પડિયા / બેગ			✓				✓					
૪૫.	પેશન્ટ એટેન્શન	✓											
૪૬.	પોસ્ટ ડિપ્લોમા ઈન એડવાન્સ રીટેઈલીંગ મેનેજમેન્ટ			✓							✓		
૪૭.	પોસ્ટ ડીપ્લોમા ઈન ફાયનાન્સીયલ સર્વિસીસ			✓									
૪૮.	પ્લમ્બર	✓					✓		✓		✓	✓	
૪૯.	પ્લાસ્ટીક પ્રોસેસીંગ					✓					✓		
૫૦.	ફર્નિચર અને બાંબુ વુડન			✓									
૫૧.	ફાયરમેન અને સેફટી સિકયુરીટી					✓	✓		✓	✓			
૫૨.	ફેબ્રીકેશન				✓								
૫૩.	ફુડ એન્ડ કેટરીંગ			✓									
૫૪.	બાંધણીવર્ક ફેશવર્ક										✓		
૫૫.	બી.પી.ઓ.એન્ડ રીટેલ સેગ્મેન્ટ ટ્રેનીંગ					✓							
૫૬.	બ્યુટીપાર્લર			✓				✓					

વર્ષ અને જિલ્લાવાર તાલીમના પ્રકાર

૨૦૦૯-૧૦

ક્રમ	તાલીમના પ્રકાર	ડાંગ	તાપી	દાહોદ	નર્મદા	નવસારી	પંચ-મહાલ	બનાસ-કાંઠા	ભરૂચ	વડોદરા	વલસાડ	સાબર-કાંઠા	સુરત
૫૭.	મોટર ડ્રાઈવીંગ			✓			✓		✓		✓		
૫૮.	મોટર મીકેનિક										✓		
૫૯.	મોટર રીવાઈન્ડીંગ			✓									
૬૦.	મોટીવેશન એન્ડ કોમ્યુનિકેશન					✓							
૬૧.	મોતીકામ અને ફલાવર મેકીંગ							✓					
૬૨.	મોબાઈલ રીપેરીંગ			✓									
૬૩.	રીટેઈલીંગ મેનેજમેન્ટ			✓							✓		
૬૪.	રીયલ એન્ડ આર્ટીફીસીયલ બ્રોચ બનાવવા					✓							
૬૫.	રેડીયો રીપેરીંગ												✓
૬૬.	લુહારી કારીગરોને તાલીમ		✓										
૬૭.	લેધર રેકઝીનમાંથી આર્ટીકલ બનાવવા					✓							
૬૮.	લોકરક્ષક ગાર્ડની ભરતી અંગે				✓								
૬૯.	વર્ટીકલ ડીમેઈન સ્કીલ અને ટ્રાન્સ્ફોર્મેશન								✓				
૭૦.	વાયરમેન			✓			✓		✓				✓
૭૧.	વારલી પેઈન્ટીંગ					✓				✓	✓		
૭૨.	વારલી પેઈન્ટીંગ / બામ્બુ આર્ટીકલ												
૭૩.	વાંસકામ	✓		✓									
૭૪.	વેલ્ડીંગ / ગેસ	✓					✓					✓	✓
૭૫.	વ્યક્તિત્વ વિકાસ			✓									

વર્ષ અને જિલ્લાવાર તાલીમના પ્રકાર

૨૦૦૯-૧૦

ક્રમ	તાલીમના પ્રકાર	ડાંગ	તાપી	દાહોદ	નર્મદા	નવસારી	પંચ-મહાલ	બનાસ-કાંઠા	ભરૂચ	વડોદરા	વલસાડ	સાબર-કાંઠા	સુરત
૭૬.	વ્યવસાયલક્ષી તાલીમ											✓	
૭૭.	સિવણ	✓		✓							✓	✓	
૭૮.	સી.એન.સી. મશીનીસ્ટ ફાઉન્ડેશન		✓	✓	✓	✓					✓		
૭૯.	સી.જી.સી.											✓	
૮૦.	સુથારીકામ	✓										✓	
૮૧.	સુઈંગ મશીનરી ઓપરેટર	✓				✓							
૮૨.	સ્કોપ				✓						✓	✓	✓
૮૩.	સ્ક્રિન પ્રિન્ટીંગ અને બ્લોક પ્રિન્ટીંગ			✓									
૮૪.	સ્વ સહાય જૂથ											✓	
૮૫.	સ્વરોજગારની તાલીમ							✓					
૮૬.	હસ્તકલા			✓									
૮૭.	હાઈટેક હોલ્ટ્રીકલ્ચર			✓									
૮૮.	હાઉસ વાયરીંગ			✓								✓	
૮૯.	હોટલ મેનેજમેન્ટ											✓	
	કુલ	૧૩	૪	૩૦	૧૩	૧૯	૧૦	૯	૧૦	૬	૨૩	૧૪	૧૦

વર્ષ અને જિલ્લાવાર તાલીમના પ્રકાર

૨૦૧૦-૧૧

ક્રમ	તાલીમનો પ્રકાર	ડાંગ	તાપી	દાહોદ	નર્મદા	નવસારી	પંચ-મહાલ	બનાસ-કાંઠા	ભરૂચ	વડોદરા	વલસાડ	સાબર-કાંઠા	સુરત
૧.	અક્ષર સુધારણા										✓		
૨.	અગરબત્તી તાલીમ											✓	
૩.	અલગ અલગ ૩૭ પ્રોગ્રામની					✓							
૪.	આર્મેચર મોટર રિવાઈન્ડીંગ											✓	
૫.	આંતરપ્રિનિયોરશીપ ડેવલોપમેન્ટ											✓	
૬.	ઈંટ ભઠ્ઠા	✓											
૭.	એન્ટરપ્રાઈઝ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ						✓	✓					
૮.	ઈન્ડસ્ટ્રીયલ એકાઉન્ટ પ્લસ						✓						
૯.	ઈન્સ્યુરન્સ એન્ડ વેલ્થ મેનેજમેન્ટ											✓	
૧૦.	ઈમીટેશન જવેલરી					✓							
૧૧.	ઈલે.હોમ. એમ્પ્લાયન્સીસ			✓									
૧૨.	ઈલેકટ્રિશિયન							✓				✓	
૧૩.	ઈવેન્ટ ફલોર મેનેજમેન્ટ											✓	
૧૪.	ઉની ગાલીચા			✓		✓	✓				✓		
૧૫.	એકાઉન્ટીંગ વીથ ટેલી સોફ્ટવેર						✓	✓				✓	
૧૬.	એનીમલ હસ્બન્ડરી							✓					
૧૭.	એમ્બ્રોયડરી						✓						
૧૮.	ઓટો રીપેરીંગ								✓			✓	✓
૧૯.	કડિયાકામ અને સેન્ટરીંગ	✓	✓	✓	✓			✓			✓	✓	
૨૦.	કન્ઝયુ ઈલે.											✓	
૨૧.	કોચીંગકામ ગાઈડન્સ નૌકાદળ	✓		✓	✓		✓		✓				
૨૨.	કોમ્પ્યુટર			✓	✓		✓	✓		✓	✓		✓

વર્ષ અને જિલ્લાવાર તાલીમના પ્રકાર

૨૦૧૦-૧૧

ક્રમ	તાલીમનો પ્રકાર	ડાંગ	તાપી	દાહોદ	નર્મદા	નવસારી	પંચ-મહાલ	બનાસ-કાંઠા	ભરૂચ	વડોદરા	વલસાડ	સાબર-કાંઠા	સુરત
૨૩.	કોમ્પ્યુટર ડી.ટી.પી અને સ્ક્રીન પ્રિન્ટીંગ							✓	✓				
૨૪.	કોમ્પ્યુટર એકાઉન્ટ			✓	✓								
૨૫.	કોમ્પ્યુટર એકાઉન્ટ ટેલી સોફ્ટવેર					✓							
૨૬.	કોમ્પ્યુટર એમ.એસ.ઓફિસ										✓		
૨૭.	કોમ્પ્યુટર ટીચર ટ્રેનીંગ					✓							
૨૮.	કોમ્પ્યુટર ટેલી સોફ્ટવેર									✓			
૨૯.	કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી ઓપરેટર			✓	✓								
૩૦.	કોમ્પ્યુટર સી.સી.સી.			✓	✓								
૩૧.	કોમ્પ્યુટર સ્કીલ ડેવલપમેન્ટ					✓							
૩૨.	કોમ્પ્યુટર હાર્ડવેર એન્જીનીયરીંગ						✓	✓				✓	
૩૩.	કોમ્પ્યુટર હાર્ડવેર / નેટવર્કીંગ							✓			✓		✓
૩૪.	કૌશલ્ય વર્ધક ટ્રેનિંગ												✓
૩૫.	ખેતી વિષયક						✓				✓		
૩૬.	ગારમેન્ટ સ્ટીચીગ / મેકીંગ	✓				✓						✓	
૩૭.	ગાર્ડનીંગ									✓			
૩૮.	ગુલકંદ બનાવટ								✓				
૩૯.	જરદોશી								✓				
૪૦.	જરદોશી અને ઈમીટેશન જ્વેલરી								✓				
૪૧.	જેલી બનાવટ								✓				
૪૨.	ટુવ્હીલર રીપેરીંગ	✓		✓							✓		
૪૩.	ટેલરીંગ સિવણ		✓	✓			✓	✓	✓	✓	✓	✓	
૪૪.	ડાયમંડ પોલીશીંગ વર્ક				✓								

વર્ષ અને જિલ્લાવાર તાલીમના પ્રકાર

૨૦૧૦-૧૧

ક્રમ	તાલીમનો પ્રકાર	ડાંગ	તાપી	દાહોદ	નર્મદા	નવસારી	પંચ-મહાલ	બનાસ-કાંઠા	ભરૂચ	વડોદરા	વલસાડ	સાબર-કાંઠા	સુરત
૪૫.	ડીઝલ એન્જીન રિપેરીંગ											✓	✓
૪૬.	નર્સરી ઉછેર ગ્રાફટીંગ									✓	✓		
૪૭.	નર્સીંગ / નર્સીંગ હેલ્પર્સ ફોર હોસ્પીટલ					✓			✓				
૪૮.	નર્સીંગ, ટેલરીંગ, મોબાઈલ રીપેરીંગ બ્યુટીપાર્લર, સેલ્સ અને રીટેલીંગ						✓						
૪૯.	નાળીયેર રેસા ઉદ્યોગ							✓					
૫૦.	નૌકાદળ					✓							
૫૧.	પગલુછણિયા			✓								✓	
૫૨.	પનીર બનાવટ								✓				
૫૩.	પરીક્ષા ગુજકેટ				✓								
૫૪.	પરીક્ષા ગ્રામ પંચાયત મંત્રી				✓				✓				
૫૫.	પશુપાલન		✓				✓	✓	✓		✓	✓	
૫૬.	પી.સી.એન્ડ પેરીફીશીયલ રીપેર્સ એન્ડ મેન્ટેન્સ					✓	✓						
૫૭.	પૂર્વ પોલીસ એસ.આર.પી.સિકયુરીટી		✓	✓						✓			
૫૮.	પેરાવેટ									✓			
૫૯.	પેશન્ટ એટેન્ડન્ટ	✓											
૬૦.	પર્સનાલીટી ડેવલપમેન્ટ ઈંગ્લીશ									✓			
૬૧.	પ્લમ્બર / ફીટર	✓		✓					✓		✓	✓	
૬૨.	પ્લાસ્ટીક પ્રોસેસીંગ			✓		✓					✓		
૬૩.	ફર્નિચર, બાંબુવુડન, બેડવર્કસ, એમ્બોયડરી, સ્કીન પ્રિન્ટીંગ, બ્લોક પ્રિન્ટીંગ			✓									

વર્ષ અને જિલ્લાવાર તાલીમના પ્રકાર

૨૦૧૦-૧૧

ક્રમ	તાલીમનો પ્રકાર	ડાંગ	તાપી	દાહોદ	નર્મદા	નવસારી	પંચ-મહાલ	બનાસ-કાંઠા	ભરૂચ	વડોદરા	વલસાડ	સાબર-કાંઠા	સુરત
૬૪.	ફાઈનાન્સીયલ એકાઉન્ટન્સી											✓	
૬૫.	ફાયરમેન અને સેફટીસિકયુરીટી			✓		✓			✓				
૬૬.	ફિનાઈલ અને અન્ય										✓		
૬૭.	ફેબ્રિક એન્ડ એમ્બ્રોયડરી પેઈન્ટીંગ					✓							
૬૮.	ફેન્ચી રબર બેન્ડ												✓
૬૯.	બાગાયત								✓				
૭૦.	બાંધકામ					✓							
૭૧.	બીઓપી									✓		✓	
૭૨.	બેડસાઈડ પેશન્ટ કેર											✓	
૭૩.	બ્યુટીપાર્લર		✓						✓	✓	✓	✓	
૭૪.	ભરત ગુંથણ		✓					✓					
૭૫.	મચ્છીબ્રીજ નાખવા ઉછેરવા	✓						✓					
૭૬.	મરઘા પાલન							✓					
૭૭.	માટીકામ અને ફલાવર મેકીંગ							✓					
૭૮.	માર્કેટીંગ એન્ડ સેલ્સ					✓	✓						
૭૯.	મોટર ડ્રાઈવીંગ લાઈટ	✓		✓		✓	✓			✓	✓	✓	
૮૦.	મોટર મીકેનીક									✓	✓		
૮૧.	મોટર રીવાઈન્ડીગ			✓									
૮૨.	મોડ્યુલર એમ્પ્લોયેબલ સ્કીલ ટ્રેનીંગ				✓								
૮૩.	મોબાઈલ રીપેરીંગ			✓								✓	
૮૪.	મોબાઈલ રીપેરીંગ ટેલરીંગ બેડસાઈટ પેશન્ટકેર, ઈલેકટ્રીક એન્ડ હોમ એપ્લાયન્સ										✓		

વર્ષ અને જિલ્લાવાર તાલીમના પ્રકાર

૨૦૧૦-૧૧

ક્રમ	તાલીમનો પ્રકાર	ડાંગ	તાપી	દાહોદ	નર્મદા	નવસારી	પંચ-મહાલ	બનાસ-કાંઠા	ભરૂચ	વડોદરા	વલસાડ	સાબર-કાંઠા	સુરત
૮૫.	રિટેલીંગ તથા બેસીંગ સ્કીલ		✓										
૮૬.	રોજગાર અંગેની તાલીમ		✓										
૮૭.	લશ્કરી તાલીમ						✓		✓				
૮૮.	લેધર રેકઝીનમાંથી આર્ટીકલ બનાવવા				✓	✓							
૮૯.	વર્કશોપ ટેકનોલોજી સર્ટીફીકેટ					✓							
૯૦.	વર્મી કોમ્પોસ્ટ							✓					
૯૧.	વાયરમેન			✓			✓		✓				✓
૯૨.	વારલી પેઈન્ટીંગ				✓	✓				✓			✓
૯૩.	વાંસકામ								✓				
૯૪.	વેલ્ડીંગ												✓
૯૫.	વ્યક્તિત્વ વિકાસ				✓								
૯૬.	સાડી મરામતકામ										✓		
૯૭.	સિક્યોંરીટી										✓		
૯૮.	સિવણ		✓	✓			✓	✓	✓	✓	✓	✓	
૯૯.	સી.એન.સી. મશીન ઓપરેટર			✓		✓	✓					✓	
૧૦૦.	સી.જી.સી.											✓	
૧૦૧.	સુથારીકામ	✓									✓		
૧૦૨.	સુઈંગ મશીનરી ઓપરેટર	✓				✓							
૧૦૩.	સેલ્સ એન્ડ રીટેલ મેનેજમેન્ટ					✓					✓	✓	

વર્ષ અને જિલ્લાવાર તાલીમના પ્રકાર

૨૦૧૦-૧૧

ક્રમ	તાલીમનો પ્રકાર	ડાંગ	તાપી	દાહોદ	નર્મદા	નવસારી	પંચ-મહાલ	બનાસ-કાંઠા	ભરૂચ	વડોદરા	વલસાડ	સાબર-કાંઠા	સુરત
૧૦૪.	સેલ્સ ફાયનાન્સિયલ એકાઉન્ટન્સી ડિઝલ એન્જીનીયરીંગ		✓										
૧૦૫.	સ્કોપ / અંગ્રેજી	✓			✓	✓	✓				✓	✓	
૧૦૬.	સ્વસહાય જુથ							✓					
૧૦૭.	હસ્તકલા			✓									
૧૦૮.	હસ્તકલા અને એમ્બ્રોડરી			✓									
૧૦૯.	હાઈટેક હાર્ડ્રીકલ્ચર			✓									
૧૧૦.	હાઉસ વાયરીંગ			✓								✓	
૧૧૧.	હીરા ઘસવા				✓								
૧૧૨.	હેન્ડપંપ રીપેરીંગ										✓		
૧૧૩.	હેન્ડીક્રાફ્ટ			✓									
	કુલ :	૧૨	૯	૨૮	૧૫	૨૩	૨૦	૧૯	૨૦	૧૪	૨૫	૨૯	૯

ડી-સેગ દ્વારા ચલાવેલ તાલીમ વર્ગો :

યુરોપની ઔદ્યોગિક ક્રાંતિએ જગતને હચમચાવી તો મુક્યું, પણ સાથે સાથે એવી ક્રાંતિ પેદા કરી કે જગત ઔદ્યોગિક ક્રાંતિ પાછળ પડ્યું. જે દેશમાં ઉદ્યોગોની સ્થાપના થઈ ત્યાં વૈભવ ખડકી દીધા તે દેશો વિકસીત ગણાયા. જયાં ઉદ્યોગો ઓછા હતા, રોજગારીની તકો ઓછી હતી તે દેશો વિકાસશીલ અથવા અલ્પ વિકસીત દેશ તરીકે ગણના પામ્યા. આમ જગતના બે ભાગ પાડી લીધા. આમાં જીવન ઉપયોગી સાધનો શોધતાં પણ ખુદ જીવનને નષ્ટ કરી દીધું. આજે પણ આ વસ્તુ સમજાતી નથી કે વાસ્તવિક જીવન પદ્ધતિ કેવી હોવી જોઈએ અથવા જીવનનો ઉદ્દેશ શું હોઈ શકે ? તે ઉદ્દેશ ભૂલાતો ચાલ્યો અને જીવન એટલે ઉપભોક્તાવાદ; જેમાં જીવન જરૂરી વસ્તુઓનું ઉત્પાદન અને વપરાશ વધારવો તે સમૃધ્ધ જીવનનો માપ દંડ બની ગયો. આના કારણે ઉદ્યોગોની બોલબાલા વધી અને જે વિસ્તારોમાં ઉદ્યોગો નથી ત્યાં ઉદ્યોગો સ્થપાય તે માટે સહાય ઉપલબ્ધ કરવા પ્રયત્ન કરવામાં આવ્યો. આમાં તેમનો મુખ્ય ઉદ્દેશ સ્થાનિક લોકોને રોજગારી મળે અને વિસ્તારનો વિકાસ થાય. આ પ્રયોગોથી બાહ્ય રીતે ખૂબ સારી કહી શકાય તેવી સુવિધા ઉપલબ્ધ બની પણ કેટલીય એવી આડ આશરો પણ થઈ જે નહોતી થવી જોઈતી. લોકોને પરેશાનીનો સામનો કરવો પડ્યો અને કરી રહ્યા છે તેના દાખલા સમગ્ર દેશ સહિત આપણા ગુજરાતમાં પણ મોજુદ છે. આમ છતાં આપણી પાસે એવો કોઈ વિકલ્પ નથી જે વિકલ્પ દ્વારા દરેકને રોજગારી આપી શકાય અને પર્યાવરણને બચાવી શકાય. આપણે હજુ જે કંઈ કરી રહ્યા છીએ તે અને કરવા જઈ રહ્યા છીએ તેમાં એકના ભોગે જ બીજી વસ્તુ પ્રાપ્ત કરી રહ્યા છીએ. આપણે સમનવ્યમય વિકાસ અને પુરક રોજગારીની તકો શોધી શક્યા નથી આમાં માણસ જાતની મર્યાદા સિવાય બીજી કોઈ બાબત નથી. અત્યારે આર્થિક ઉત્પાદન ક્ષમતા વધારાય, સંચય કરાય, ભોગો ભોગવાય, મોજમજા મણાય, આરામ અને સગવડ ભોગવાય તે માટેના જ પ્રયત્નો થઈ રહ્યા હોય ત્યાં ક્યારેય સાચો વિકાસ કે સાચી સમૃધ્ધિ આવવાની નથી. આપણે કેવળ વસ્તુઓ વાપરતાં જ શીખ્યા છીએ, તેની મહત્તા કે ઉપયોગિતા શીખ્યા નથી. આ બધી બાબતોમાં કલ્યાણ લક્ષી રાજયો પાસે જે બૃધ્ધિ પ્રધાન માણસોની ટીમ હોય છે તેની દ્વારા આયોજન અને કાર્યવાહી કરવાના પ્રયત્નો જ જોઈ શકાય છે. આ બધામાં આપણને જો સફળતા મળે તો તેની વાહવાહ દ્વારા આપણે કાર્યક્રમો આગળ વધારતા હોઈએ છીએ. આવી એક યોજના ગુજરાત સરકાર દ્વારા અમલમાં આપી જેનું નામ છે વનબંધુ કલ્યાણ યોજના. આ યોજના અંતર્ગત આદિવાસી વિકાસ માટે અનેકવિધ યોજનાઓ મુકવામાં આવી. જેમાં આદિવાસી વિકાસ માટે ડી-સેગ નામનો એક અલગ વિભાગ ખોલવામાં આવ્યો. આ ડી-સેગ દ્વારા વનબંધુ કલ્યાણ યોજનાઓનું સીધે સીધું અમલીકરણ થાય તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી. આ ડી-સેગ અંતર્ગત આદિવાસી યુવક-યુવતીઓ કે જેઓ ભણેલા ગણેલા છે અથવા અભ્યાસ

વચ્ચેથી છોડી દીધો છે અથવા પૂર્ણ કરેલ છે, તેઓ કોઈક રોજગારી માટે તાલીમની અપેક્ષા ધરાવે છે. તે માટે ઔદ્યોગિક ઘરાણા કે એ ક્ષેત્રે કામ કરતી ટૂંકા અક્ષરી કંપનીઓ કે જેનો સામાન્ય માણસને તો તેનો કોઈ ખ્યાલ જ ન આવી શકે તેવી કંપનીઓ સાથે એમ.ઓય.યુ. કર્યા. આ એમ.ઓ.યુ. દ્વારા આદિવાસી વિસ્તારના યુવાન-યુવતીઓને સ્કીલ લેબરના ધોરણે ટૂંકાગાળાની કૌશલ્યવર્ધક તાલીમ આપી તેમને રોજગારી સાથે જોડવાના પ્રયત્નો કરવામાં આવ્યા. આમ તો આ તાલીમનું લીસ્ટ જોઈએ તો ૪૫ જેટલી જુદી જુદી તાલીમ દર્શાવવામાં આવી છે. જેમાં ૭ દિવસથી ૬ માસ સુધીના તાલીમ વર્ગો દર્શાવવામાં આવ્યા છે. આ કોર્સ કર્યા પછી તાલીમાર્થીએ ચોક્કસ કોઈ શહેરી વિસ્તાર ગોતવો પડે અથવા આ પ્રકારની કામગીરી કરતી કોઈક પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરવી પડે. આટલા ટૂંકાગાળાના તાલીમ કોર્સમાં તે પોતાનો વ્યવસાય ચાલુ કરી શકે તેમ જોઈ શકાતું નથી. વળી ઘણા બધા એવા કોર્સ છે જે હાલના એન્જિનિયર વ્યવસાય સાથે જોડાયેલા છે. એન્જિનિયર ડીપ્લોમા અથવા ડીગ્રી કોર્સ કરેલ હોય તેની જગ્યાએ આ ટૂંકાગાળાની તાલીમ મેળવેલ વ્યક્તિને રોજગારી મળશે તો ઉપયોગી વાત બનશે, વળી આ બધાજ કોર્સ અને માર્કેટ પ્રાઈવેટ સેક્ટર પાસે આધારિત છે. આ પ્રાઈવેટ સેકટરમાં તેને રોજગારીની તકો ઊભી કરવી થોડી મુશ્કેલ અવશ્ય લાગી રહી છે. આમ છતાં ડી-સેગ દ્વારા જે પ્રયત્નો કરવામાં આવ્યા છે તે ખૂબ સરાહનીય કહી શકાય તેમ છે. ડી-સેગની વેબસાઈટમાંથી જે માહિતી મળી છે તો માહિતી જોતાં ૧૭,૪૬૨ તાલીમાર્થીઓ રજીસ્ટર થયેલા છે. જેમાં ૧૧,૮૨૧ પુરુષ ઉમેદવાર અને ૫,૬૪૧ સ્ત્રી ઉમેદવાર હતા; જે કુલ તાલીમાર્થીઓના અનુક્રમે ૬૭.૭૦ અને ૩૨.૩૦ ટકા છે. જેમાં ૫૫૭ ડ્રોપઆઉટ સંખ્યા દર્શાવી છે. જે કુલ રજીસ્ટર થયેલા તાલીમાર્થીઓની ૩.૧૮ ટકા છે જે નહીંવત્ કહી શકાય. તાલીમમાં સફળ થયા હોય તેવા ૧૪,૪૫૪ તાલીમાર્થીઓ છે. જે રજીસ્ટર સંખ્યાના ૮૨.૭૮ ટકા છે તે ઘણું જ સારું પરિણામ કહી શકાય. સફળ તાલીમાર્થીઓમાં ૬૮.૩૮ ટકા પુરુષ ઉમેદવાર અને ૩૧.૬૨ ટકા સ્ત્રી ઉમેદવાર છે. મહત્વની બાબત પ્લેસમેન્ટની એટલે કે નોકરી ધંધે લાગવાની છે. સફળ તાલીમાર્થીઓમાંથી ૯,૬૫૫ ઉમેદવારોને પ્લસમેન્ટ મળ્યાં છે. જે જોતાં સફળ ઉમેદવારોમાંથી ૬૬.૮૦ ટકાને રોજગારીની તક મળી છે તે ઘણી જ સારી બાબત છે. તેમાં પુરુષ ઉમેદવાર ૬૯.૬૨ ટકા અને સ્ત્રી ઉમેદવાર ૩૦.૩૮ ટકા છે.

આ પ્રકારની તાલીમ વ્યવસ્થા ગોઠવાય તો આદિવાસી યુવક, યુવતીઓને રોજગારીની તકો ઉપલબ્ધ બની શકે. આ માટે દરેક વિસ્તારના આદિવાસી યુવક-યુવતીઓ કેવા પ્રકારની તાલીમ મેળવવા ઈચ્છે છે તે બાબત તેમની શૈક્ષણિક લાયકાત સહિતની માહિતી પ્રાયોજના કચેરીએ, તકેદારી કચેરીએ અથવા જિલ્લા રોજગાર કચેરીએ ઉપલબ્ધ હોય તો સારું એવું વિધેયાત્મક પરિણામ મેળવી શકાય તેમ છે. નંબર ઓફ લેન્ડ હોલ્ડીંગની એટલે કે જમીન ધારણ કરનારની સંખ્યા ૭૯૫૩ દર્શાવી છે. જેમાં ૨,૩૯૨ પુરુષ અને ૫,૫૬૧ સ્ત્રી સભ્યો જોઈ શકાય છે.

હાલ કેવા પ્રકારના તાલીમ વર્ગો શરૂ કરવામાં આવનાર છે ? મુખ્ય અભ્યાસક્રમો નીચે મુજબ છે :

ક્રમ	તાલીમનો પ્રકાર	સમયગાળો
૧.	ફૂડ એન્ડ બેવરેજ મેનેજમેન્ટ	૩ માસ
૨.	એડવાન્સ મેસનરી (કુશળ કડિયાકામ)	૧-૫ માસ
૩.	ડિપ્લોમા-ઈન કમ્પ્યુટર એસેન્સિયલ	૪ માસ
૪.	ઓટો ઈલેકટ્રિકલ / વ્હીકલ	૪ માસ
૫.	ડાયગ્નોસ્ટિક એનિમેશન એન્ડ મલ્ટીમિડીયા	૭ માસ
૬.	રીટેઈલ ઓપરેશન	૯ માસ
૭.	મેસન ટ્રેઈનિંગ (કડિયાકામ)	૭/૪૫ દિવસ
૮.	પ્લમ્બિંગ	૭/૧૬ દિવસ
૯.	સર્ટિફિકેટ ઈન રીટેઈલ મેનેજમેન્ટ	૪ માસ
૧૦.	એક્સલરેટેડ પ્રોગ્રામ ઈન સેલિંગ એન્ડ કસ્ટમર સર્વિસ	૪ માસ
૧૧.	એક્સલરેટેડ પ્રોગ્રામ ઈન ઈન્સ્યોરન્સ	૪ માસ
૧૨.	હાઈટેક હોર્ટીકલ્ચર (ઉચ્ચ કક્ષાની બાગાયત)	૧ માસ
૧૩.	સુઈંગ મશીન ઓપરેટર (સીવણ મશીન ચલાવવું)	૩ માસ
૧૪.	એકાઉન્ટીંગ વિથ ટેલી (કોમ્પ્યુટર હિસાબી પદ્ધતિ)	૨-૫ માસ
૧૫.	સેલ્સ/રીટેઈલ મેનેજમેન્ટ	૬ માસ
૧૬.	ફાઈનાન્સિયલ એકાઉન્ટન્સી	૬ માસ
૧૭.	સેલ્સ એન્ડ રીટેઈલ મેનેજમેન્ટ	૧ માસ
૧૮.	કમ્પ્યુટર બેઝિક એન્ડ પીસી ટ્રબલ્સ શુટીંગ	૪૫+૨૦ દિવસ વધારાના
૧૯.	સર્ટિફિકેટ કોર્સ ઈન સીએનસી પ્રોગ્રામિંગ એન્ડ મશિનિંગ	૨ માસ
૨૦.	આઈટી (ઈન્ફોર્મેશન ટેકનોલોજી)	૯ માસ
૨૧.	સર્ટિફિકેટ ઈન ઓફિસ ઓટોમેશન, ડીટીપી એન્ડ કમ્પ્યુટરરાઈઝડ એકાઉન્ટિંગ	૩ માસ
૨૨.	રીટેઈલ	૬ માસ
૨૩.	હાઉસકીપિંગ મેનેજમેન્ટ (ગૃહવ્યવસ્થાપન)	૩ માસ

૨૪.	બેઝિક મેસનરી (કડિયાકામ)	૨ માસ
૨૫.	ફ્યુઅલ ઈન્જેકશન પમ્પ/ઓટો ઈલેકિટ્રકલ/ વ્હીકલ ડાયગ્નોસ્ટિક	૬ માસ
૨૬.	આઈટી ઈન એબલ્ડ ફાઈનાન્સિયલ મેનેજમેન્ટ	૪ માસ
૨૭.	ઈક્વિટી સર્વિસીઝ (સોફટવેર ઓપરેશન્સ)	૪ માસ
૨૮.	આઈટીએસ - બીપીઓ	૭ માસ
૨૯.	ફેસિલીટી મેનેજમેન્ટ	૪ માસ
૩૦.	શટરિંગ, કારપેન્ટરી અને બાર બાઈન્ડિંગ	૭/૧૬ દિવસ
૩૧.	પીજીડી ઈન રીટેઈલ એન્ડ ફાઈનાન્સિયલ સર્વિસીઝ	૧૦ માસ
૩૨.	સર્ટિફિકેટ પ્રોગ્રામ ઈન મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ એન્ડ એકાઉન્ટિંગ પેકેજ	૪ માસ
૩૩.	એક્સલરેટેડ પ્રોગ્રામ ઈન હાર્ડવેર એન્ડ નેટવર્કીંગ	૪ માસ
૩૪.	પેશન્ટ એટેન્ડન્ટસ - દરદીઓની સારવાર સુશ્રુષા	૬ માસ
૩૫.	પીસી મેન્ટેનન્સ એન્ડ ટ્રબલ શુટીંગ	૨-૫ માસ
૩૬.	આઈટી હાર્ડવેર	૬ માસ
૩૭.	ડિઝલ એન્જિન એન્ડ રીપેર	૬ માસ
૩૮.	ઈવેન્ટ ફલોર મેનેજમેન્ટ	૬ માસ
૩૯.	ઈન્સ્યોરન્સ એન્ડ વેલ્થ મેનેજમેન્ટ	૧ માસ
૪૦.	સર્ટિફાઈડ ઈન્ડસ્ટ્રીયલ એકાઉન્ટસ પ્લસ	૬ માસ
૪૧.	સર્ટિફિકેટ કોર્સ ઈન સીએનસી મશીનીસ્ટ ફાઉન્ડેશન સર્ટિફિકેટ કોર્સ ઈન સીએનસી મશીનીસ્ટ	૨ માસ
૪૨.	સીએનસી મશીન ઓપરેશન વીથ	૧ વર્ષ
૪૩.	સર્ટિફાઈડ હાર્ડવેર એન્જિનિયર	૩ માસ
૪૪.	રિસેપ્શનીસ્ટ એન્ડ ફ્રન્ટ ડેસ્ક આસિસ્ટન્ટ	૬ માસ
૪૫.	માર્કેટિંગ એન્ડ સેલ્સ	૬ માસ

CY Name	No.of Form En-tries	No.of Forms (Fe-male)	No.of Train-ings	No.of Batc-hes	No.of Enroll-ments	No.of Enroll-ments (Male)	No.of Enroll-ments (Fe-male)	No.of Drop-outs	No.of Drop-outs (Male)	No.of Drop-outs (Fe-male)	No Succe-ssful	No Succe-ssful (Male)	No Succe-ssful (Fe-male)	No.of Place-mets	No.of Place-ments (Male)	No.of Place-ments (Fe-male)	No.of Hand hold-ing	No.of Hand hold-ing (Male)	No.of Hand hold-ing (Fe-male)
	1	2	3	4	5	6	7	8	9	10	11	12	13	14	15	16	17	18	19
ACTUNIV#21	693	238	2	27	679	451	228	1	0	1	651	431	220	539	353	186	976	312	664
AIDE ET ACTION#25	1305	688	6	43	1134	523	611	0	0	0	594	318	276	400	207	193	7	6	1
AKRSP (I)#16	195	53	2	13	190	144	46	5	3	2	183	139	44	157	122	35	244	59	185
AMBUJA CEMENT FOUNDATION#1	1054	323	4	42	1052	745	307	28	19	9	1024	726	298	735	587	148	687	135	552
ASIA PACIFIC INSTITUTE OF MANAGEMENT#7	216	0	2	5	223	219	4	18	18	0	206	202	4	132	129	3	0	0	0
AXIOM EDU. # 26	29	10	1	1	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0
BASCOM BRIDGE #4	149	79	2	5	139	68	71	5	0	5	135	68	67	78	45	33	46	16	30
BASICS LTD/B-ABLE#53	228	97	4	12	135	62	73	0	0	0	45	25	20	0	0	0	0	0	0
BHASHA RESEARCH & PUBLICATION CENTRE #15	10	6	1	1	9	4	5	0	0	0	9	4	5	9	4	5	0	0	0
BOSCH LIMITED#11	1175	19	2	44	1034	1019	15	96	92	4	688	683	5	329	329	0	2	0	2
CALL ONE-F4 SOLUTIONS#12	654	194	2	21	648	459	189	25	18	7	381	239	142	183	111	72	0	0	0
CAREER LAUNCHER INDIA LIMITED#24	1775	728	5	8	1161	720	441	100	76	24	819	496	323	586	391	195	157	21	136
CIBART#29	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0
CIPET#30	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0

CY Name	No.of Form En-tries	No.of Forms (Fe-male)	No.of Train-ings	No.of Batc-hes	No.of Enroll-ments	No.of Enroll-ments (Male)	No.of Enroll-ments (Fe-male)	No.of Drop-outs	No.of Drop-outs (Male)	No.of Drop-outs (Fe-male)	No Succe-ssful	No Succe-ssful (Male)	No Succe-ssful (Fe-male)	No.of Place-ment	No.of Place-ments (Male)	No.of Place-ments (Fe-male)	No.of Hand hold-ing	No.of Hand hold-ing (Male)	No.of Hand hold-ing (Fe-male)
	1	2	3	4	5	6	7	8	9	10	11	12	13	14	15	16	17	18	19
CONFEDERATION OF INDIAN INDUSTRIES#9	534	220	2	19	442	255	187	27	13	14	292	181	111	155	103	52	101	38	63
D N POLYTECHNIC EDUCATION TRUST#58	91	80	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0
GKS#19	1956	414	7	41	293	235	58	0	0	0	8	6	2	0	0	0	0	0	0
GRAMIN VIKAS TRUST#13	1944	442	9	84	2238	1791	447	26	26	0	2213	1766	447	1500	1195	305	1762	300	1462
ICA INFOTECH PVT. LTD. #27	832	306	1	24	489	355	134	0	0	0	254	193	61	248	204	44	0	0	0
ICAT#3	75	0	2	2	75	75	0	3	3	0	72	72	0	71	71	0	0	0	0
ICECD#18	1726	688	1	30	696	374	322	40	31	9	631	330	301	474	273	201	1143	499	644
IDEAL CLASS PVT LTD # 54	832	330	2	39	688	376	312	106	64	42	649	367	282	122	83	39	74	25	49
IDEMI#28	32	0	1	2	15	15	0	3	3	0	1	1	0	0	0	0	0	0	0
IGTR#32	399	76	1	14	378	303	75	0	0	0	375	300	75	136	101	35	14	2	12
IMS LEARNING RESOURCES PVT LTD. #20	3869	1323	4	131	3346	2198	1148	10	4	6	3333	2192	1141	2856	1881	975	1785	579	1206
MAHATMA GANDHI LABOUR INSTITUTE#14	280	90	3	15	276	187	89	0	0	0	276	187	89	4	1	3	0	0	0
MOTHER INSTITUTE OF ELECTRONIC TECHNO-LOGY#50	164	58	3	9	169	111	58	3	3	0	166	108	58	0	0	0	0	0	0

CY Name	No.of Form Entries	No.of Forms (Female)	No.of Trainings	No.of Batches	No.of Enrollments	No.of Enrollments (Male)	No.of Enrollments (Female)	No.of Dropouts	No.of Dropouts (Male)	No.of Dropouts (Female)	No Successful	No Successful (Male)	No Successfut (Female)	No.of Placements	No.of Placements (Male)	No.of Placements (Female)	No.of Hand holding	No.of Hand holding (Male)	No.of Hand holding (Female)
	1	2	3	4	5	6	7	8	9	10	11	12	13	14	15	16	17	18	19
M.M. SADGURU WATER & DEVELOPMENT FOUNDATION#10	277	136	1	9	271	136	135	0	0	0	271	136	135	270	136	134	595	288	307
NEESA LEISURE LTD.#51	72	5	3	1	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0	0
NUT#8	508	153	2	22	03	344	159	28	22	0	473	321	152	222	149	73	84	25	59
OMNISOFR TECHNOLOGY PRIVATE LTD#37	336	94	1	15	184	136	48	24	23	1	180	133	47	150	111	39	243	64	179
PRAKSHAL INFOTECH PVT. LTD.#22	608	195	2	15	436	312	124	9	8	1	241	167	74	101	63	38	0	0	0
ROVADAN TRUST#6	521	362	5	22	442	128	314	0	0	0	284	93	191	198	72	126	33	23	10
TEAMLEASE#34	1472	634	1	87	117	76	41	0	0	0	0	0	0	0	0	0	0	0	0
Z->TOTAL ACHEIVEMENT:#0	**24011**	**8046**	**84**	**875**	**17462**	**11821**	**5641**	**557**	**426**	**131**	**14454**	**9884**	**4570**	**9655**	**6721**	**2364**	**7953**	**3392**	**5561**

તારણો અને સુઝાવો

તાલીમ માટે કોઈ ઊંમરનો બાધ નથી. દરેક વ્યક્તિ જે કંઈ નવું શીખવા માગે છે તેના માટે તાલીમ અનિવાર્ય છે. એટલે જ જીંદગીમાં પ્રગતિ કરવી હોય તો નવું નવું શીખવું જોઈએ. જયાં જયાં શીખવામાં તક ઉપલબ્ધ છે ત્યાં તાલીમની આવશ્યકતા નહીંવત છે; પણ સમાજમાં એવા પણ વર્ગો છે કે જેઓ સ્વખર્ચે આ કરી શકે તેમ નથી. તેવા વર્ગોના માટે તાલીમ માળખું ઉભું કરવાની જરૂર જણાય છે. કારણ કે તેમને પણ સમાજની મુખ્ય ધારામાં લાવવા હોય તો આ પ્રયત્નો અનિવાર્ય લાગે છે. માટે જ તાલીમ જરૂરી છે, અનિવાર્ય છે અને સમયની માંગ છે તેમ કહી શકાય.

સ્થાનિક યુવક-યુવતીઓને રોજગારી તકો મળી રહે તે હેતુને ધ્યાનમાં લઈ ટૂંકાગાળાના રોજગારલક્ષી તાલીમ વર્ગો ચલાવાતા હોય છે. સ્થાનિક સ્તરે રોજગારલક્ષી તાલીમ આપવા ઈચ્છુક ખાનગી સંસ્થાઓ, ઈન્સ્ટીટયૂટ, મંડળો, સહકારી સંસ્થાઓ, એજયુકેશન ટ્રસ્ટો, ઉદ્યોગગૃહો, જેવી ખાનગી સંસ્થાઓ મારફત આવા તાલીમ વર્ગો ચલાવવામાં આવશે. સરકારી ખાતા દ્વારા ચલાવતા ટૂંકાગાળાના વર્ગો કે જેમાં ફક્ત જાણકારી જ આપવાની હોય છે. દા.ત. પશુપાલન, મરઘા પાલન, મત્સ્યઉદ્યોગ જેવી તાલીમમાં જોતે ખાતાના અધિકારીઓ દ્વારા પણ તાલીમ આપવામાં આવે છે. કારણકે આ બધી કામગીરી તેઓ વર્ષોથી પરંપરાગત રીતે કરતા આવ્યા હોય છે. તેમાં નવી ટેકનિક અને જાણકારીનો ઉમેરો થાય તો તેમને જે ઉત્પાદન મળે છે તેમાં વધારો કરી શકાય, વળી સાથે સાથે સાધન સહાય પણ આપવામાં આવે છે. જેથી તે નવી ટેકનોલોજી અને સાધનોનો ઉપયોગ કરતા થાય અને પોતાના પરંપરાગત વ્યવસાયમાંથી વધારે રોજગારી મેળવતા થાય.

આ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ આદિવાસી વિસ્તારમાં ચલાવતા તાલીમ વર્ગોમાં ડુપ્લીકેશન થતું નિવારવાનો હતો. અમને જે માહિતી ઉપલબ્ધ બની છે તેના આધારે જોઈએ તો આદિવાસી વિસ્તારોમાં તાલીમ એક તમારા જેવી થયેલી જોઈ શકાય છે. સ્થાનિક સંસ્થાઓ દ્વારા એક કરતાં વધારે ટ્રેડ તથા અનેક ઘણા તાલીમ વર્ગો એક જ સંસ્થા દ્વારા ચલાવાતા હોય તેમ પણ જોઈ શકાય છે. એનો ખાસ વાંધો ન લેવાય તો પણ દરેક ટ્રેડ માટેના તજજ્ઞ માણસો, સાધનો અને વ્યવસ્થા જો કરી શકતા હોય તો ખાસ કોઈ તકલીફ નથી પણ વ્યવસાયની રીતે જોવા જઈએ તો જે તે ગામમાં જ તાલીમ વગો ચલાવેલા જોઈ શકાય અને એક જ ગામના બધા તાલીમાર્થીઓ હોય તો તે તાલીમને વ્યવસાયના રૂપમાં ફેરવી શકાય નહીં તેમ અમારું માનવું છે. વળી વિસ્તારને અનુરૂપ તાલીમ પણ જોઈ શકાતી નથી. દા.ત. અમુક જિલ્લામાં ઉનીગાલીચાની તાલીમના વર્ગો ચલાવ્યા હોય પણ તે જિલ્લામાં આવાં કોઈ કારપેન્ટ સેન્ટર જ ચાલતાં ન હોય. વળી એકાદ કારપેન્ટ સેન્ટર ચાલતું હોય તે બધાજ તાલીમાર્થીઓને સમાવીને રોજગારી આપી શકે કે કેમ તે શંકા

ઉપજાવે છે. આમ ઘણી બધી તાલીમ એવી છે જે રોજગારી આપવામાં પરિવર્તિત થઈ શકતી ન હોય. દા.ત. વાયરમેન, સિવણ, એમ્બ્રોયડરી, મરઘા ઉછેર જેવા તાલીમ વર્ગો એક જ ગામમાં ચલાવેલા જોઈ શકાય છે.

જિલ્લા લેવલે તાલીમના કાર્યક્રમો ચલાવતી સહકારી કચેરીઓમાં સંકલિત આદિજાતિ પેટા યોજના કચેરી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી. સમાજ કલ્યાણ કચેરી, જિલ્લા ખેતીવાડી કચેરી, તાલુકા પંચાયત કચેરી અને તકેદારી અધિકારી દ્વારા આ વર્ગો વિશેષ ચલાવેલા જોઈ શકાય છે. વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ડી-સેગ દ્વારા શહેરોમાં કામ મોટી સંસ્થાઓ દ્વારા પણ તાલીમવર્ગો ચાલતા જોઈ શકાય છે.

આમાં ખાસ ધ્યાન ખેંચે તેવી બાબત એ છે કે એક જ તાલીમ માટે એક જ એજન્સીએ ચલાવેલ તાલીમ વર્ગોમાં સમય ૧ માસ અને બીજામાં ૧૦ દિવસ પણ જોઈ શકાય છે. જિલ્લા કક્ષાની સરકારી કચેરીઓ દ્વારા ચલાવતા તાલીમ વર્ગોમાં ડુપ્લીકેશન જોઈ શકાય છે. કેટલાક તાલીમો વર્ગો ત્રણે તાલીમ આપતી કચેરીઓ દ્વારા ચલાવેલા જોઈ શકાય છે. પણ આમાં જિલ્લા ફેર જોઈ શકાય છે. એટલે એકજ જિલ્લામાં ડુપ્લીકેશન થાય તેમ કહી શકાય નહીં. પણ જિલ્લા લેવલે ચલાવાતા તાલીમ વર્ગોમાં એક જ પ્રકારની તાલીમ માટે અલગ અલગ સમય જોઈ શકાય છે.

આ તાલીમ વર્ગો દ્વારા તાલીમાર્થીને શું લાભ થયો અથવા રોજગારીની તકો વધી કે કેમ તે જાણવા માટે તાલીમાર્થીઓનો રૂબરૂ સંપર્ક કરી માહિતી મેળવવામાં આવે તો જ શક્ય બને. આ અભ્યાસની મોટી કોઈ મર્યાદા હોય તો તે એજ કે તાલીમાર્થીઓના નામ સરનામા હજુ સુધી ઉપલબ્ધ થયા નથી. માટે જ આ અપૂરતી વિગતો સાથેનો પ્રાથમિક અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે.

નિયમિત વર્ગો ચાલતા હોવા જોઈએ. ઓચિંતી મુલાકાતમાં તાલીમાર્થીઓની પૂરતી સંખ્યા હોતી નથી. ગેરહાજરી માટેના ગમે તે બહાનાં બતાવી દેવામાં આવે છે.

સુઝાવો :

(૧) રાજય કક્ષાએ તાલીમ માળખું તૈયાર થવું જોઈએ; જેમાં તાલીમાર્થીઓની સંખ્યા અને સમય નિશ્ચિત કરેલા હોય.

(૨) આ તાલીમ ફક્ત રોજગારલક્ષી ન બની રહેતાં વ્યક્તિ વિશેષ પણ બનાવી જોઈએ. વ્યક્તિ પોતે પોતાની કારકીર્દિ બનાવવા માગતો હોય તો તે માટે પણ તાલીમની વ્યવસ્થા ઉપલબ્ધ બનાવી જોઈએ.

(૩) ખાસ તાલીમ આપતી સંસ્થાઓની ક્ષમતા તપાસી પછી જ તેમને તાલીમ વર્ગો આપવા જોઈએ. આમાં ખાસ કરી આદિવાસી વિસ્તારો, તેની પ્રજા, તેમના વ્યવહારો પણ જાણવા જરૂરી છે.

તાલીમ એ સલાહ નથી. મોટાભાગની સંસ્થાઓના કર્મચારીઓ સલાહ જ આપતા હોય છે. જેમાં તમારે આમ ન કરવું જોઈએ. આમ કરવું જોઈએ. આ વસ્તુ બરાબર નથી કારણ કે વિસ્તાર, વસતિ અને પરિસ્થિતિ પ્રમાણે જીવતો આદિવાસી આ બધી વાતોથી અજાણ હોવાથી તેના ઉપર વધારાની વસ્તુઓ ઠોકી બેસાડવી ન જોઈએ. ઘણી વખતે તાલીમ લેવા ન ઈચ્છતા ઈસમને પણ તાલીમમાં બેસાડી નામ નોંધી લેવામાં આવે છે; જેના કારણે તે તાલીમમાં નિયમિત આવતા હોતા નથી અને તાલીમનો કોઈ ઉદ્દેશ રહેતો નથી. ઘણીવાર એવું સાંભળવા મળે છે કે તાલીમાર્થીને સ્ટાઈપેન્ડ લેવા પુરતો જ સંબંધ હોય છે. તો આ બાબત તો સારી કહી શકાય તેમ નથી. ઈચ્છનીય પણ નથી. પરંતુ આ વાસ્તવિકતા લગભગ બધે જોવા મળે છે.

(૪) પોતાની અને તાલીમાર્થીની રુચિ પ્રમાણે તાલીમ ટ્રેડ હોવા જોઈએ. નહીં તો તાલીમાર્થી ફકત ટાઈમ પસાર કરવા જ તાલીમ લેવા આવે અને ભવિષ્યમાં તેનો કોઈ ઉપયોગ થવાનો જ ન હોય તો તે નાણાં અને સમયનો બગાડ છે.

(૫) રેકર્ડબરાબર નિભાવવું જોઈએ, તાલીમ આપતી સંસ્થા પાસે જયારે રેકર્ડ માગવામાં આવે છે ત્યારે તે યોગ્ય પ્રકારે નિભાવવામાં આવતાં હોતાં નથી. તેઓ પૂરતી માહિતી પણ આપતા નથી અને જે તે એજન્સી દ્વારા વર્ગો અપાતા હોય તેને પહોંચાડી દેવામાં આવ્યા છે તેવા જવાબ મળે છે. એક જ મુલાકાતમાં કયારેય કામ પતતું નથી. આવું સરકારી ઓફીસોમાં પણ બનતું હોય છે. તેમાં સુધારાની જરૂર જણાય છે. રેકર્ડ યોગ્ય પ્રકારે નિભાવવાની અને જરૂર પ્રમાણે તેનો યોગ્ય ઉપયોગ અને વિનિમય થવો જોઈએ.

(૬) તાલીમ સુદ્રઢ બનાવવા માટે ખાસ તાલીમવિંગ ઊભી કરી તાલીમને સઘન બનાવવી જોઈએ અને ખરેખર તાલીમાર્થી કેવા પ્રકારની તાલીમ લેવા ઈચ્છે છે તે માટે વિશેષ ધ્યાન આપવું જોઈએ. તાલીમ પ્રોગ્રામ છે અથવા ગ્રાન્ટ ઉપલબ્ધ છે માટે તેને વાપરવાની છે એવા ખ્યાલથી પ્રોગ્રામ બનાવી લક્ષાંકો પૂરા ન કરવા જોઈએ. જરૂરિયાત આધારિત તાલીમનો ખ્યાલ સુદઢ કરવો જોઈએ.

(૭) આઈ.ટી.આઈ. તાલીમ સેન્ટરો દ્વારા અપાતી તાલીમ એ ટૂંકાગાળાના રોજગારલક્ષી ટ્રેડ ચલાવતા હોય છે. તેમાં રેગ્યુલર એડમીશન લેનાર તો હોવાના જ. તો પણ આ વધારાના વર્ગો ચલાવવામાં આવે છે. તેનું કારણ ન સમજાય તેવું છે, કારણ કે દરેક જિલ્લામાં આઈ.ટી.આઈ. ચાલતી હોય છે. તે ટ્રેડમાં સ્થાનિક વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી લેતા હોય છે. તો આ વધારાના ટ્રેડ તરીકે તાલીમ વર્ગો કેમ ચલાવવામાં આવે છે ? વળી આ તાલીમ માટે પ્રવેશનાં બજાં કોઈ ધોરણો છે? આ અંગે ઊંડાણપૂર્વક વિચારવાની જરૂર છે.

(૮) તાલીમ દ્વારા કોઈ પણ સિધ્ધિ પ્રાપ્ત કરી શકાય છે તેમ માનવામાં આવે છે અને વાત પણ સાચી છે. કોઈપણ સિધ્ધિ માટે તપશ્ચર્યા અનિવાર્ય છે પણ તે માટે આંતરિક અને બાહ્ય બન્ને પરિબળો

કામ કરે છે. આંતરિક પરિબળમાં ઈચ્છાશક્તિ મજબુત હોવી અનિવાર્ય છે. વળી કોઈ ચોક્કસ ધ્યેય નક્કી થયેલ હોવો જોઈએ. કહેવાય છે કે ધ્યેય વિનાનું જીવન સુકાન વિનાના નાવ જેવું છે. જે લક્ષ સુધી પહોંચતું નથી. આજે સ્પર્ધાત્મક લક્ષ હોવાથી સ્પર્ધા અનિવાર્ય બની છે. સ્પર્ધામાં ટકવા માટે તાલીમ અનિવાર્ય છે. આ સ્પર્ધાત્મક અને ઉદ્યોગ પ્રધાન યુગમાં કોઈપણ પ્રકારની રોજગારી મેળવવા માટે શિક્ષણ, તાલીમ અને આવડત અનિવાર્ય બની રહે છે. આ વસ્તુઓ ન હોય તો ઈચ્છિત રોજગારી મળી શકતી નથી. જેઓ ત્રણે પ્રકારથી સજ્જ છે તેઓ રોજગારીની તકો ઝડપી શકે છે. આ જ કારણે થોડી છૂટછાટ અને અનામત જેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી હશે.પણ આ તો તક આપવાની વાત છે પણ તક મેળવવાની વાત નથી. તક મેળવવી હોય તો તાલીમ અનિવાર્ય છે અને તાલીમ અનિવાર્ય હોય તો તાલીમ આપતી સરકારી અથવા બિનસરકારી સંસ્થાઓ પણ સજ્જ હોવી જોઈએ. આમાં ઘણી બધી ઉણપો જોઈ શકાય છે. સીઝનલ કામ કરતી સંસ્થાઓ પાસે આવું કોઈ કાયમી માળખું હોય તેવું જોઈ શકાતું નથી. હેડ ઓફીસ કયાંય હોય, સબ સેન્ટર કયાંય હોય અને તાલીમનું સ્થળ કયાંક બીજે હોય આવા આકસ્મિક વર્ગો ચાલતા હોય ત્યાં કેવા પ્રકારની અપેક્ષા રાખી શકાય ? સારી કામગીરી ચોક્કસ કરી શકાય પણ તે માટે કાયમી તાલીમની વ્યવસ્થા અનિવાર્ય છે. લક્ષ્ય આધારિત પ્રોગ્રામો કરવાના હોય ત્યાં કેવા પ્રકારની તાલીમની અપેક્ષા રાખી શકાય ? કયારેક તો સામેથી દરખાસ્ત મંગાવી, આટલું કામ કરી આવો તેમ કહેવામાં આવે છે. માછીમારી વર્ગો, મશરુમ વર્ગો, જયાં સુકા પ્રદેશો છે, જયાં પાણીની કાયમી તંગી છે ત્યાં ચલાવવાથી કોને ફાયદો થવાનો ? આવા તો ઘણા બધા વર્ગો ચાલતા હશે જયાં વર્ગો પછી જે સુવિધા મળવી જોઈએ અથવા ઊભી કરવા માટે તાલીમાર્થી પોતે સક્ષમ ન હોય. આપણે સૌ જાણીએ છીએ તેમ મહેનત કરનાર વ્યક્તિ બીજાને ત્યાં કામ કરી રોજગારી મેળવે છે અને ખૂબ સારા ઉત્પાદન દ્વારા માલિકને કમાણી કરી આપે છે. દા.ત. ખેતીકામ કરતા મજૂરો, પશુના તબેલામાં કામ કરતા મજૂરો, કડીયાકામ કરતા મજૂરો બીજાને ખૂબ સારું ઉત્પાદન કરી આપતા મજૂરો તેઓ પોતાના ઘરે કે વતનમાં આમ કરી શકતા નથી તેના કારણમાં સાધન સુવિધાનો અભાવ જ કારણભૂત હોય છે. આવડત અને શક્તિ તેનામાં હોય છેજ. આ શક્તિ પિછાણી તેને યોગ્ય સુવિધા આપવામાં આવે તો તે પોતાના વિસ્તારમાં પણ કરી શકે તેમાં શંકા રાખવા જેવું કંઈ નથી. સુવિધા વિનાની વાતોની અસર લાંબુ ટકતી નથી. તેમ ટૂંકાગાળાની તાલીમનું પણ બનવા જોગ છે. આમ છતાં જેને રસ છે અને સુવિધા છે તે ચોક્કસ લાભ મેળવી શકે છે. તેવા કેસ સ્ટડી આપણને ઘણા જોવા મળી શકે તેમ છે.

માટે અમારું સ્પષ્ટ માનવું છે કે લાલચ કે સુવિધા મળે છે માટે તેનો ઉપભોગ કરવો તેવી વૃત્તિ ધરાવતા વ્યક્તિઓ પ્રગતિ કરવામાં પાછળ રહેવાના; પણ જેને ખરેખર કંઈ શીખી પોંતે તેમાં રસ દાખવી આગળ વધવાના પ્રયત્નો જારી રાખે તેવા લોકો માટે તાલીમ આર્શીવાદરૂપ થઈ પડે.

પરિશિષ્ટ

(૧) જિલ્લાવાર સરકારી કચેરીઓ દ્વારા અપાતી તાલીમ

(૨) જિલ્લાવાર તાલીમ આપનાર સંસ્થાઓની યાદી

(૩) વર્ષ અને જિલ્લાવાર તાલીમનો પ્રકાર

જિલ્લાવાર સરકારી કચેરીઓ દ્વારા અપાતી તાલીમની યાદી

પ્રાયોજના વિસ્તારના જિલ્લાઓમાં સંકલિત આદિજાતિ પેટા યોજના સિવાય પણ અન્ય સરકારી કચેરીઓ દ્વારા પણ તાલીમ કાર્યક્રમો ચલાવવામાં આવી રહ્યા છે. આ કચેરીઓ પોતાના કાર્યક્રમો તો ચલાવતી જ હોય છે. આ ઉપરાંત ટ્રાઈબલ વિભાગની ગ્રાન્ટમાંથી વધારાની કામગીરી પણ ચલાવતી હોય છે. જેમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, રોજગાર કચેરી, તકેદારી કચેરી, સમાજકલ્યાણની કચેરીઓ મુખ્ય છે. આમ પ્રાયોજના કચેરી સાથે પાંચ કચેરીઓ એવી છે જે ટૂંકાગાળાના રોજગારલક્ષી તાલીમ વર્ગો ચલાવવા અન્ય સ્થાનિક અથવા અન્ય જિલ્લાઓમાંની વિવિધ સંસ્થાઓ દ્વારા તાલીમ વર્ગો ચલાવવા માટે નાણાંકીય સુવિધા પુરી પાડે છે. આના દ્વારા આદિવાસી વિસ્તારના યુવક-યુવતીઓને રોજગારીની તકો મળી રહે સાથે સ્થાનિક રીતે કોઈ રોજગારી ઊભી કરી શકે. એ ઉપરાંત સ્થાનિક રોજગારી આપતી વ્યવસ્થામાં જન જાગૃતિ કાર્યક્રમો મારફતે ઉત્પાદન ક્ષમતા વધારવા અને આવકમાં વધારો થાય તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આમાં પશુપાલન, ખેતી, ડેરી જેવા કાર્યક્રમો પણ ચલાવવામાં આવી રહેલા જોઈ શકાય છે. અભ્યાસના સમય દરમ્યાન કઈ સરકારી કચેરીઓ દ્વારા તાલીમ વર્ગો ચલાવવામાં આવ્યા તેની યાદી ઉપરથી જોઈ શકાય છે કયાંક કે બે તો કયાંક પાંચ સરકારી કચેરીઓ દ્વારા આ કામગીરી ચાલી રહેલ છે.

ક્રમ	જિલ્લાનું નામ	કચેરીનું નામ
૧.	ડાંગ	પ્રાયોજના કચેરી
		સમાજકલ્યાણ કચેરી
		જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર
		રોજગાર કચેરી
૨.	તાપી	પ્રાયોજના કચેરી
		તકેદારી કચેરી
		જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી
૩.	દાહોદ	પ્રાયોજના કચેરી
		તકેદારી કચેરી
		જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર
		જિલ્લા પંચાયત કચેરી
		જિલ્લા રોજગાર કચેરી
		જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી

૪.	નર્મદા	પ્રાયોજના કચેરી
		તકેદારી કચેરી
		જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર
		જિલ્લા રોજગાર કચેરી
		જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી
૫.	નવસારી	પ્રાયોજના કચેરી
		તકેદારી કચેરી
		જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર
		જિલ્લા રોજગાર કચેરી
૬.	પંચમહાલ	પ્રાયોજના કચેરી
		તકેદારી કચેરી
		જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર
		જિલ્લા રોજગાર કચેરી
		જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી
૭.	બનાસકાંઠા	પ્રાયોજના કચેરી
		તકેદારી કચેરી
		જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર
		જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી
૮.	ભરૂચ	પ્રાયોજના કચેરી
		જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર
		જિલ્લા રોજગાર કચેરી
		જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી
૯.	વડોદરા	પ્રાયોજના કચેરી
		તકેદારી કચેરી
		જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર
૧૦.	વલસાડ	પ્રાયોજના કચેરી
		તકેદારી કચેરી

		જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર
		જિલ્લા રોજગાર કચેરી
		જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી
૧૧.	સાબરકાંઠા	પ્રાયોજના કચેરી
		જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર
		જિલ્લા રોજગાર કચેરી
		જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી
૧૨.	સુરત	પ્રાયોજના કચેરી
		જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર

જિલ્લાવાર તાલીમ આપનાર સંસ્થાઓની યાદી

અભ્યાસમાં સમાવેલ તાલીમ વર્ગો દરમ્યાન જે સંસ્થાઓએ રોજગારલક્ષી ટૂંકાગાળાના વર્ગો ચલાવ્યા છે તેની યાદી મૂકવામાં આવી છે. ઓછામાં ઓછી દસ સંસ્થાઓએ અને વધુમાં વધુ ૬૧ સંસ્થાઓ દ્વારા તાલીમ વર્ગો ચલાવેલા જોઈ શકાય છે. આ તાલીમ વર્ગો ચલાવતી સંસ્થાઓની કામગીરી સ્થાનિક જિલ્લા તેમજ અન્ય જિલ્લાઓમાં પણ થયેલી જોઈ શકાય છે. ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કે જેઓ ઉદ્યોગોને લગતી તાલીમ આવે છે તેવી સંસ્થાઓ મોટાં શહેરો અમદાવાદ, વડોદરા અને મુંબઈ સુધીની જોઈ શકાય છે. આનો અર્થ એવો થાય કે આદિવાસી વિસ્તાર બહાર પણ તાલીમ મેળવી આદીવાસી યુવક / યુવતી પોતાની રોજગારી મેળવી શકે તે માટેની યોગ્ય તક પૂરી પાડવામાં આવી રહી છે. આમ આ યાદી મુકવાનો મુખ્ય ઉદ્દેશ તો કયા જિલ્લામાં કઈ કઈ સંસ્થાઓએ તાલીમ કાર્યક્રમો ચલાવ્યા છે તેની યાદી મળી રહે અને ભવિષ્યના સંશોધનમાં આ સંસ્થાઓ દ્વારા અપાયેલ તાલીમાર્થીઓને રોજગારી મળી કે નથી મળી અથવા વર્તમાન સમયે તેમને અમુક પ્રકારની તાલીમ ઉપયોગી બને કે કેમ તે જાણવા સારુ તાલીમાર્થીઓનો સંપર્ક કરી માહિતી મેળવી શકાય. પણ મુખ્ય મુશ્કેલી એ રહી કે અભ્યાસ સમય દરમ્યાન સરકારી કચેરીથી કે તાલીમ આપતી સંસ્થાઓ પાસેથી તાલીમાર્થીઓની નામ સરનામાવાળી યાદી સમયમર્યાદામાં પુરી પાડવામાં આવી ન હતી.

આદિવાસી યુવક/યુવતીઓને તાલીમ આપનાર સંસ્થાઓની જિલ્લાવાર યાંદી

ક્રમ	જિલ્લા	તાલીમ આપનાર સંસ્થાઓ
૧	ડાંગ	૧. સેવાદાન ટ્રસ્ટ, આહવા
		૨. રોજગાર કચેરી, ડાંગ
		૩. રચના ચેરીટેબલ ટ્રસ્ટ, આહવા
		૪. શ્રી બજરંગી વિ.વિ.કા.મંડળ, ધવલી દોડ
		૫. શ્રી નવરંગ યુવક મંડળ, હનવતચોક
		૬. શ્રી નવનિર્માણ સાર્વજનિક ટ્રસ્ટ, બાજ
		૭. ડેટા ઈન્ફોટેક કોમ્પ્યુટર ઈન્સ્ટીટયૂટ, ઉનાઈ
		૮. પી.ટેક માઈક્રો સીસ્ટમ, બીલીમોરા
		૯. નવોદય ગ્રામ વિકાસ મંડળ, ઝાવડા, ડાંગ
		૧૦. દક્ષિણ ગુજરાત મહિલા ગૃહ અને ગ્રામઉદ્યોગ વિકાસ મંડળ સરવર, તા. આહવા
		૧૧. દક્ષિણ ગુજરાત આદિવાસી વિકાસ મંડળ, મુ.વાનરચોક, તા.આહવા
		૧૨. સાવરખડી વિભાગ કારેપટ ઉત્પાદક સહકારી મંડળી, સાવરખડી, પો. કોસીમહાલ, તા. આહવા.
		૧૩. રોવદાન ટ્રસ્ટ, આહવા
		૧૪. પ્રગતિ મહિલા સિવણ ઔ.સ.મં. આહવા
		૧૫. ડાંગ જિલ્લા સેવા પરિષદ, આહવા
		૧૬. નવનિર્માણ ટ્રસ્ટ, દેવીપાડા
		૧૭. જનકલ્યાણ સંસ્થાન, ખટોદરા, સુરત
		૧૮. વી.એસ.શાહ ઈન્સ્ટીટયૂટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ, નવસારી
		૧૯. શ્રી વનવાસી ગ્રામીણ વિકાસ મંડળ
		૨૦. જલધારા ફાઉન્ડેશન, આહવા
૨.	તાપી	૧. ગુજરાત લોકસેવા ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા
		૨. શ્રીજી મોટર ડ્રાઈવીંગ સ્કૂલ, માંડવી
		૩. ઈન્ડો જર્મન ટુલરૂમ, અમદાવાદ

૪. સ્વામી વિવેકાનંદ સેવા ટ્રસ્ટ, વ્યારા

૫. નિરામય માનવ ઉત્કર્ષ ટ્રસ્ટ, બારડોલી

૬. સરજાબલી મહિલા ઉ.સં.મં.લી. સરજાબલી

૭. આરણ્યક યુવા વિકાસ મંડળ, ડોલારા

૮. સોનગઢ મહિલા સહકારી મંડળી

૯. ભીંડી રેસા કોટ મહિલા ઉ.સં.મં.લી. અંતાપુર

૧૦. મોટીચેર મહિલા ઔદ્યોગીક સહકારી મંડળી

૧૧. જનકલ્યાણ સેવા ટ્રસ્ટ, વ્યારા

૧૨. માનવ એકતા ચેરીટેબલ ટ્રસ્ટ, વ્યારા

૧૩. નવજાગૃતિ સેવા ટ્રસ્ટ, વ્યારા

૧૪. સંસ્કાર ચેરીટેબલ ટ્રસ્ટ, વ્યારા

૧૫. જનકલ્યાણ સંસ્થાન, સુરત

૧૬. મહાલક્ષ્મી સેવા ટ્રસ્ટ, સોનગઢ

૧૭. જનસેવા ચેરીટેબલ ટ્રસ્ટ, તાડકુવા

૧૮. સુરૂચિ શિક્ષણ વસાહત ટ્રસ્ટ, બારડોલી

૧૯. રાષ્ટ્રીય ફેશન ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગર (નિફ્ટ)

૨૦. ટીમલીઝ-વ્યારા

૨૧. આઈ.એમ.એસ. ધરમપુર

૨૨. એનાર્ડ ફાઉન્ડેશન

૩. દાહોદ

૧. માઈકોબોસ લિ.

૨. ગ્રામિણ વિકાસ ટ્રસ્ટ

૩. બાસ્કોમ બ્રીજ લિ.

૪. જલારામ એજયુકેશન ટ્રસ્ટ, નડિયાદ

૫. આઈ.ટી.આઈ. ફતેપુરા

૬. શ્રી અક્ષર આઈ.ટી.આઈ. ગરબાડા

૭. આઈ.ટી.આઈ. સંજેલી

૮. આઈ.ટી.આઈ. દાહોદ

૯. આઈ.ટી.આઈ. ભાતીવાડા

૧૦. આઈ.ટી.આઈ. પીપલારા

૧૧. આઈ.ટી.આઈ. બલૈયા ક્રોસીંગ

૧૨. આઈ.ટી.આઈ. ઝાલોદ

૧૩. આઈ.ટી.આઈ. ધાનપુર

૧૪. આઈ.ટી.આઈ. સુખસર

૧૫. ઈન્ડોજર્મન ટુલ રૂમ, અમદાવાદ

૧૬. સેન્ટ્રલ ઈન્સ્ટીટ્યૂટ પ્લાસ્ટીક એન્ડ ટેકનોલોજી, વટવા, અમદાવાદ

૧૭. ગુજરાત લોકસેવા ચેરીટેબલ ટ્રસ્ટ, નંદીસર, પંચમહાલ

૧૮. ''સહજ'' સંસ્થા પડાવ, દાહોદ

૧૯. ધી હરિકૃપા કાર્પેટ વણાટ ઔદ્યો. સ.મં.લિ. ડુંગર

૨૦. ધી લુણાવાડા હાથ શાલ કાપડ વણાટ ઔદ્યો.સ.મં.લિ.લુણાવાડા

૨૧. લોક કલ્યાણ ટ્રસ્ટ લીમખેડા

૨૨. દાહોદ-ઝાલોદ તાલુકા વૃન્દાવન કાર્પેટ ઔદ્યો. સ.મં.લિ.દાહોદ

૨૩. ધી લીમખેડા વિભાગ મંડળ ઉની ગેલીયા વણાટ ઉત્પાદન સ.મં.લી.દાહોદ

૨૪. ધી રાજ શ્યામજી સર્વોદય વિકાસ મંડળ ચાકલીયા રોડ, દાહોદ

૨૫. ગુજરાત રચનાત્મક સોસાયટી દાહોદ

૨૬. જય સરસ્વતીમાં કાર્પેટ ઔદ્યોગિક સ.મં.લિ. મોટીવાલા

૨૭. આશિર્વાદ કાર્પેટ વિવિંગ એન્ડ ફિનીસીંગ ઔદ્યો.ઉત્પાદક સ.મં.લિ.દાહોદ

૨૮. હરિસિધ્ધિ કાર્પેટ એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન, દાહોદ

૨૯. ધી શિવ શક્તિ એજયુકેશન ટ્રસ્ટ, દાહોદ

૩૦. ધી પ્રાણનાથ સંસ્કાર દીપ દર્શન ગ્રા.વિ. પરિષદ, દાહોદ

૩૧. અખિલ ગુજરાત અનુજાતિ અને જનજાતિ મહિલા ગ્રામ વિકાસ પરિષદ,દાહોદ

૩૨. પંચમહાલ જિલ્લા ટ્રાયબલ ઔદ્યો. ઉત્પાદક સ. મં. લિ., દાહોદ

૩૩. ધી આદિવાસી પ્રગતિ મંડળ, દિવાનિયાળક, દાહોદ

૩૪. ધી બોરીયાલા વિભાગ ઉની ગાલીચા વણાટ ઔદ્યો.સ.મં.લિ.બોરીયાલા

૩૫. ધી આદિવાસી સર્વોદય મંડળ, સરકાર નગર, ગરબાડા રોડ, દાહોદ

૩૬. ધી અરુંધતી મહિલા વિકાસ પરિષદ, દાહોદ

૩૭. પંચજન્ય ચેરીટેબલ ટ્રસ્ટ, દાહોદ

૩૮. સ્વામી વિવેકાનંદ ટ્રસ્ટ, દાહોદ

૩૯. રતન મહાલ આદિવાસી ગ્રામ વિકાસ ટ્રસ્ટ, દાહોદ

૪૦. શિવશક્તિ એજયુકેશન ટ્રસ્ટ, દાહોદ

૪૧. જીવન જ્યોત સાર્વજનિક વિકાસ ટ્રસ્ટ, દાહોદ

૪૨. અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન

૪૩. સદ્‌ગુરૂ ફાઉન્ડેશન ચોસાલા

૪૪. એકેડેમી ફોર કોમ્પ્યુટર ટ્રેનિંગ, અમદાવાદ

૪૫. મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, અમદાવાદ

૪૬. કેરિયર લોન્ચર ઈન્ડીયા લીમીટેડ

૪૭. તાલુકા પંચાયત, ઝાલોદ

૪૮. ''સહજ'' જીવન જયોત સાર્વજનિક ટ્રસ્ટ

૪૯. આદિવાસી પ્રગતિ મંડળ, દિવાસીયાવાડ દાહોદ

૫૦. ધી ઝાલોદ તાલુકા વુંફાન કારપેટ વણાટ સ.મં.લી.

૫૧. શ્રી રાજ શ્યામજી સર્વોદય મંડલી, દાહોદ

૫૨. અરુંધતી મહિલા વિકાસ પરિષદ, દાહોદ

૫૩. જય સ્વર સ્વતિમાં કાર્પેટ ઔદ્યો.સ.મં.લિ. મોટાવાવ, લીમખેડા

૫૪. શ્રી પ્રાણનાથ દીપદર્શન ગ્રામ વિકાસ પરિષદ,દાહોદ

૫૫. આદિવાસી નવજીવન સર્વોદય મંડળ, દાહોદ

૫૬. ધી દાહોદ-ઝાલોદ વિભાગ વણકર સ.મં.લિ. દાહોદ

૫૭. મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકાર, દાહોદ (સહકાર શાખા)

૫૮. નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ

૫૯. ''સીપેટ'', અમદાવાદ

૬૦. ડોએક કોમ્પ્યુટર, દાહોદ

૬૧. શિવશક્તિ ડ્રાઈવીંગ ટ્રેનિંગ સ્કૂલ

૪. નર્મદા

૧. શિવશક્તિ મ.સહ.મં.લી. રાજપીપળા

૨. આદિવાસી ભીલ સેવા મંડળ, ડેડીયાપાડા, જિ. નર્મદા

૩. અર્થ ફાઉન્ડેશન, અમદાવાદ

૪. ગ્રામ ટ્રેનિંગ ઈન્ટરનેશનલ (આઈસેડ)

૫. પ્રગતિ મહિલા ઉ.સહ.મં.લી. રાજપીપળા

૬. ઈન્ટરનેશનલ સેન્ટર ફોર એન્ટરપ્રિન્યોરશીપ એન્ડ
કેરીયર ડેવલોપમેન્ટ, આઈસેડ ઈ-૧/૪૧ સ્ટર્લીંગ સીટી બોપલ,
અમદાવાદ-૩૮૦ ૦૫૮.

૭. સેન્ટર ફોર રૂરલ કેર, વડોદરા, નર્મદા કોલોની કેટેટરી
ઈ-૩, બ્લોક નં.૧૧, છાણી જકાતનાકા, વડોદરા.

